dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 221 | AD - 2026, Jeth Sud -02 | Monday, Dt. 18-05-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ડચ પ્રધાનમંત્રી રોબ ઝેટ્ટેન વચ્ચે પણ બેઠક

## ભારત અને નેધરલેન્ડ વચ્ચે ગ્રીન હાઈડ્રોજન સહિત ૧૭ ઐતિહાસિક કરારો પર હસ્તાક્ષર

નવી દિલ્હી,તા.૧૭

બદલાતા વૈશ્વિક સંજોગો અને ભૂ-રાજકીય પડકારો વચ્ચે, ભારત અને નેધરલેન્ડે તેમના દ્વિપક્ષીય સંબંધોને 'વ્યૂહાત્મક ભાગીદારી'માં પરિવર્તિત કર્યા છે. નવી દિલ્હી ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ડચ પ્રધાનમંત્રી રોબ ઝેટ્ટેન વચ્ચે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠક દરમિયાન બંને દેશોએ સંરક્ષણ, મહત્વપૂર્ણ ખનિજો, સેમિકન્ડક્ટર અને અન્ય મુખ્ય ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે ૧૭ મહત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષર કર્યા છે.

બેઠકમાં બંને નેતાઓએ પશ્ચિમ એશિયાની બગડતી પરિસ્થિતિ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલી હુમલા બાદ સર્જાયેલા તણાવનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે, આ સંઘર્ષ વૈશ્વિક ઊર્જા પુરવઠા અને વેપાર નેટવર્ક પર ગંભીર અસર કરી રહ્યો છે. વિશ્વના ઊર્જા પુરવઠાનો આશરે ૨૦% હિસ્સો જ્યાંથી પસાર થાય છે તે હોર્મુઝ સ્ટ્રેટમાં અવિરત શિપિંગ અને મુક્ત વૈશ્વિક વેપારની જરૂરિયાત પર ભાર મૂકીને બંને દેશોએ કોઈપણ પ્રકારના પ્રતિબંધક પગલાંનો વિરોધ કર્યો હતો. આ ઉપરાંત, યુક્રેન-રશિયા યુદ્ધ અંગે ચર્ચા કરતા નેતાઓએ સ્પષ્ટ કર્યું કે સ્થાયી અને ન્યાયી શાંતિ માત્ર સંવાદ અને રાજદ્વારી પ્રયાસો દ્વારા જ શક્ય છે.



આ બેઠક બાદ બંને દેશોએ 'વ્યૂહાત્મક ભાગીદારી રોડમેપ' અને 'ગ્રીન હાઈડ્રોજન ડેવલપમેન્ટ રોડમેપ' લોન્ચ કર્યો છે. આ અંતર્ગત બંને દેશો સંરક્ષણ સાધનોના સંયુક્ત ઉત્પાદન, ટેકનોલોજી ટ્રાન્સફર અને સંયુક્ત સાહસો પર સાથે મળીને કામ કરશે. સેમિકન્ડક્ટર ક્ષેત્રે સપ્લાય ચેઈનને મજબૂત કરવા માટે 'ડચ સેમિકોન કોમ્પિટન્સ સેન્ટર'ને 'ભારતીય સેમિકન્ડક્ટર મિશન' સાથે જોડવાની પહેલનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વળી, બંને દેશો વચ્ચે થયેલા સ્થળાંતર અને ગતિશીલતા કરારથી ભારતીય વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકો માટે નેધરલેન્ડ્સમાં શિક્ષણ અને રોજગારની નવી તકો ખુલશે.

નેધરલેન્ડ યુરોપમાં ભારતનું મુખ્ય વેપારી ભાગીદાર છે અને વર્ષ ૨૦૨૪-૨૫માં બંને દેશો વચ્ચેનો વેપાર ૨૭.૮ બિલિયન સુધી પહોંચવાનો અંદાજ છે. નેધરલેન્ડ ભારતમાં ચોથું સૌથી મોટું વિદેશી રોકાણકાર છે, અને તેનું રોટરડેમ બંદર ભારતીય નિકાસકારો માટે યુરોપનું મહત્વપૂર્ણ પ્રવેશદ્વાર ગણાય છે. આતંકવાદના મુદ્દે ડચ પ્રધાનમંત્રી રોબ ઝેટ્ટેને એપ્રિલ ૨૦૨૫માં પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની સખત શબ્દોમાં નિંદા કરી હતી અને ભારતને સંપૂર્ણ સમર્થન આપવાની ખાતરી આપી હતી. બંને નેતાઓએ આતંકવાદ સામે 'ઝીરો-ટોલરન્સ' નીતિ અપનાવવા અને આંતરરાષ્ટ્રીય સ્તરે જોવા મળતા બેવડા ધોરણોનો વિરોધ કરવા આહવાન કર્યું હતું.

પોતાના નેધરલેન્ડ પ્રવાસ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હેગ ખાતે વસતા ભારતીય સમુદાયને સંબોધિત કરતા જણાવ્યું કે, "પાસપોર્ટના રંગો બદલાઈ શકે છે, સરનામાં અને સમય ઝોન બદલાઈ શકે છે, પરંતુ ભારત માતાના સંતાનોની હૂંફ અને ભાવના હંમેશા આપણી સાથે રહે છે."

પીએમ મોદીએ ૧૬ મે ૨૦૧૪ના ઐતિહાસિક દિવસને યાદ કરતા કહ્યું કે, "આજથી બરાબર ૧૨ વર્ષ પહેલાં ભારતમાં સ્થિર અને પૂર્ણ બહુમતીવાળી સરકારની રચના થઈ હતી. ભારતના લોકોનો આ જ અવિરત વિશ્વાસ મને ક્યારેય રોકાવા કે થાકવા દેતો નથી."

ભારતની પ્રગતિનો ચિતાર આપતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું કે આજે ભારતમાં વિશ્વના સૌથી મોટા સોલાર પાર્ક, સૌથી લાંબી ટનલ, સૌથી ઊંચા પુલ અને વિશાળ એક્સપ્રેસ વે તેમજ મેટ્રો નેટવર્ક બની રહ્યા છે. ડિજિટલ ક્રાંતિનો ઉલ્લેખ કરતા તેમણે ઉમેર્યું કે, "આજે ભારતમાં દર મહિને ૨૦ અબજથી વધુ UPI વ્યવહારો થાય છે, જે વિશ્વના કુલ ડિજિટલ ટ્રાન્ઝેક્શનના અડધાથી વધુ છે. બાર વર્ષ પહેલાં દેશમાં ૫૦૦થી ઓછા સ્ટાર્ટઅપ્સ હતા, જે આજે વધીને ૨,૦૦,૦૦૦થી વધુ થઈ ગયા છે."

## સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા વધીને ૩૮ થશે: રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આપી મંજૂરી

નવી દિલ્હી,તા.૧૭

કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે જણાવ્યું છે કે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા ૩૪ થી વધારીને ૩૮ કરવાના કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયને મંજૂરી આપી દીધી છે. રાષ્ટ્રપતિએ 'સુપ્રીમ કોર્ટ (ન્યાયાધીશોની સંખ્યા) સુધારો વટહુકમ, ૨૦૨૬' જાહેર કરીને ન્યાયાધીશોની સંખ્યા (મુખ્ય ન્યાયાધીશ સિવાય) ૩૩ થી વધારીને ૩૭ કરી છે, જે ૧૯૫૬ ના મૂળ અધિનિયમમાં સુધારો કરે છે.ગતાં ૫ મેના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે આ સંબંધિત બિલ સંસદમાં રજૂ કરવાના પ્રસ્તાવને લીલી ઝંડી આપી હતી. કાનૂની સમુદાયે આ ઐતિહાસિક પગલાનું વ્યાપક સ્વાગત કર્યું છે અને તેને કોર્ટમાં પેન્ડિંગ કેસોના ભારણને ઘટાડવા માટે સમયસરનું પગલું ગણાવ્યું છે.



સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનના પ્રમુખ અને વરિષ્ઠ એડવોકેટ વિકાસ સિંહે જણાવ્યું કે, કેસોની સતત વધતી સંખ્યાને કારણે આ માગ લાંબા સમયથી પડતર હતી. તેમણે આશા વ્યક્ત કરી કે આ વર્ષના અંત સુધીમાં સુપ્રીમ કોર્ટની નવી ઈમારતનો એક ભાગ કાર્યરત થઈ જશે, જે ૩૮ ન્યાયાધીશોને આરામથી સમાવી શકશે. ભવિષ્યમાં આ સંખ્યા ૫૦ સુધી વધારવાની જરૂર પડી શકે છે.

## કેરળમાં વી. ડી. સતીસન આજે મુખ્યમંત્રી પદના શપથ લેશે, ૨૦ ધારાસભ્યો મંત્રી બનશે

કોચ્ચી,તા.૧૭

કેરળમાં એક દાયકા બાદ યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (UDF) ની સત્તામાં વાપસી થઈ રહી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા વી. ડી. સતીસન સોમવારે કેરળના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. તિરુવનંતપુરમના સેન્ટ્રલ સ્ટેડિયમ ખાતે યોજાનારા ભવ્ય સમારોહમાં સતીસનની સાથે અન્ય ૨૦ ધારાસભ્યો પણ મંત્રી પદના શપથ ગ્રહણ કરશે. આ ઐતિહાસિક ક્ષણ માટે સ્ટેડિયમમાં વ્યાપક તૈયારીઓ અને ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.




તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની આગેવાની હેઠળના UDF ગઠબંધને ડાબેરી મોરચા (LDF) ને સત્તા પરથી હટાવીને નિર્ણાયક વિજય મેળવ્યો છે. છેલ્લા પાંચ વર્ષથી વિપક્ષના નેતા તરીકે સક્રિય રહેલા ૬૧ વર્ષીય સતીસનને કેરળમાં કોંગ્રેસના જનાધારને ફરી મજબૂત કરવાનો શ્રેય આપવામાં આવે છે. હજારો કાર્યકરો અને સમર્થકોના આગમનને પગલે ટ્રાફિક અને ચોમાસાના વરસાદને ધ્યાનમાં રાખીને વોટરપ્રૂફ સ્ટેજ સહિતની ખાસ વ્યવસ્થાઓ ઊભી કરાઈ છે. આ શપથ ગ્રહણ સમારોહમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સહિતના રાષ્ટ્રીય નેતાઓ હાજર રહેશે. આ ઉપરાંત પડોશી રાજ્યોના મુખ્યમંત્રીઓ અને કેરળના તમામ ૧૪૦ ધારાસભ્યોને પણ આમંત્રિત કરાયા છે. તમિલનાડુના મુખ્યમંત્રી સી. જોસેફ વિજય પણ આ સમારોહમાં હાજરી આપે તેવી પ્રબળ શક્યતા છે. સાથી પક્ષો સાથે લાંબી ચર્ચા બાદ આ નવા મંત્રીમંડળને આખરી ઓપ આપવામાં આવ્યો છે.

### મહારાષ્ટ્રના પુણેના વરિષ્ઠ વનસ્પતિશાસ્ત્ર શિક્ષકાની ધરપકડ કરાઈ હતી

## NEET પેપર લીક કેસ: બાયોલોજી શિક્ષક મનીષા માંધારે ૪ દિવસની CBI કસ્ટડીમાં

નવી દિલ્હી,તા.૧૭

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે નીટ (NEET-UG ૨૦૨૬) પેપર લીક કેસમાં ધરપકડ કરાયેલા મહારાષ્ટ્રના પુણેના વરિષ્ઠ વનસ્પતિશાસ્ત્ર (Biology) શિક્ષક મનીષા ગુરુનાથ માંધારેને ૪ દિવસની સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) કસ્ટડીમાં મોકલી આપ્યા છે. સીબીઆઈ દ્વારા દિલ્હી ખાતે વ્યાપક પૂછપરછ કર્યા બાદ તેમની સત્તાવાર ધરપકડ કરવામાં આવી હતી, કારણ કે તેઓ પરીક્ષા પ્રક્રિયા સાથે સીધા જોડાયેલા હતા.



તપાસ એજન્સીના જણાવ્યા અનુસાર, મનીષા માંધારે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) ની પેપર-સેટિંગ કમિટીમાં નિષ્ણાત તરીકે સામેલ હતા, જેના કારણે તેમને પ્રશ્નપત્રોની સંપૂર્ણ એક્સેસ મળી હતી. આરોપ છે કે તેમણે અન્ય આરોપી મનીષા વાઘમારે સાથે મળીને એપ્રિલ ૨૦૨૬ માં પરીક્ષા પહેલા ઉમેદવારોને પુણે સ્થિત નિવાસસ્થાને એકઠા કર્યા હતા અને લીક થયેલા પ્રશ્નો-જવાબો આપીને લાખો રૂપિયા વસૂલ્યા હતા. આ પ્રશ્નો ૩ મેના રોજ યોજાયેલી પરીક્ષા સાથે પ્રોપર મેચ થયા હતા. પેપર લીકના ગંભીર આરોપોને કારણે આ પરીક્ષા રદ કરીને તપાસ સીબીઆઈને સોંપાઈ છે.

આ પૂર્વે, કોર્ટે આ રેકેટના માસ્ટરમાઈન્ડ અને લાતુરના કેમિસ્ટ્રી નિષ્ણાત પ્રોફેસર પી. વી. કુલકર્ણી તથા મનીષા વાઘમારેને ૧૦ દિવસની કસ્ટડીમાં મોકલ્યા હતા. આ ઉપરાંત, સહ-આરોપી ધનંજય લોખંડે સહિત અન્ય પાંચ આરોપીઓ (શુભમ ખૈરનાર, મંગલલાલ બિવાલ, વિકાસ બિવાલ, દિનેશ બિવાલ અને યશ યાદવ) પણ ૨૦ મે સુધી કસ્ટડી હેઠળ છે. સીબીઆઈએ દેશભરમાં દરોડા પાડીને લેપટોપ, બેંક સ્ટેટમેન્ટ અને મોબાઈલ જેવા અનેક ગુનાહિત દસ્તાવેજો જપ્ત કર્યા છે. આ કૌભાંડમાં અત્યાર સુધીમાં દિલ્હી, જયપુર, ગુરુગ્રામ, નાસિક, પુણે અને અહિલ્યાનગરથી કુલ ૯ આરોપીઓની ધરપકડ કરવામાં આવી ચૂકી છે.

## દિલ્હીમાં મહિલા ઉદ્યોગસાહસિકો માટે મોટી જાહેરાત: સ્ટાર્ટઅપ્સને મળશે રૂ.૧૦ કરોડ સુધીની અસુરક્ષિત લોન


નવી દિલ્હી,તા.૧૭

દિલ્હી સરકાર રાષ્ટ્રીય રાજધાનીમાં મહિલાઓ દ્વારા સંચાલિત સ્ટાર્ટઅપ્સ અને સ્વ-સહાય જૂથો (SHGs) ને આર્થિક રીતે સશક્ત કરવા માટે રૂ.૧૦ કરોડ સુધીની અસુરક્ષિત લોન પૂરી પાડશે, જેની ગેરંટી સરકાર પોતે આપશે. મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ રોહિણીમાં આયોજિત બે દિવસીય "મેગા સ્વ-સહાય જૂથ મેળો-૨૦૨૬" ના ઉદ્ઘાટન પ્રસંગે આ ઐતિહાસિક જાહેરાત કરી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના "વોકલ ફોર લોકલ" અને "આત્મનિર્ભર ભારત" ના વિઝનને આગળ ધપાવતા, મહિલાઓ દ્વારા ઉત્પાદિત સ્વદેશી વસ્તુઓને મોલ્સ અને મોટા શોપિંગ કોમ્પ્લેક્સમાં ખાસ પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવશે. આ મેળામાં આશરે ૨૪ મહિલા જૂથોએ ભાગ લઈને હસ્તકલા, ખાદી અને ઘરગથ્થુ વેચાણ કર્યું હતું.







# બગસરામાં શંકાસ્પદ સરકારી અનાજના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડતી અમરેલી એલ.સી.બી.

બગસરા,તા.૧૭

અમરેલી એલ.સી.બી. ટીમ બગસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે બગસરા-ડેરી પીપળીયા ચોકડી પાસે દરોડો પાડ્યો હતો. આ રેઈડ દરમિયાન એક શખ્સ પોતાની રીક્ષામાં શંકાસ્પદ અનાજનો જથ્થો રાખી તેની હેરફેર કરતા રંગેહાથ ઝડપાઈ ગયો હતો. પોલીસે ઘટનાસ્થળેથી આસીફ અબ્દુલભાઈ કાલોન્દ્રા રહે. બગસર નામના ઈસમને કસ્ટડીમાં લીધો હતો. તેની પાસેથી રૂ.૩૧,૬૦૦/- ની



કિંમતનું ૧૧૭૦ કિલોગ્રામ ઘઉં (૨૬ કટ્ટા), રૂ.૩૫,૯૦૩/- ની કિંમતનું ૧૨૮૨ કિલોગ્રામ ચોખા (૨૬ કટ્ટા) તેમજ ગુનામાં વપરાયેલી રૂ.૩૦,૦૦૦/ની રીક્ષા (નંબર: ૫ન-૦૪-૬૭૭૪) મળી કુલ રૂ.૯૭,૫૦૩/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ અનાજનો જથ્થો રેશનિંગનો હોવાની આશંકાએ, એલ.સી.બી. દ્વારા પકડાયેલા આરોપી અને મુદ્દામાલને આગળની કાયદેસરની કાર્યવાહી અને તપાસ અર્થે બગસરા મામલતદારને સોંપવામાં આવ્યા હતા.

# અમરેલીમાં ચેક રીટર્ન થતા આરોપીને એક વર્ષની સજા ફટકારાઈ

અમરેલી,તા.૧૭

અમરેલીના મુલતાની સાહેબની કોર્ટે નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. આ કેસની ટૂંકી હકીકત મુજબ, ફરિયાદી ભરતભાઈ રામજીભાઈ કાતરીયા અને આરોપી વિજયભાઈ ભીખાભાઈ જાદવ વચ્ચે મિત્રતાનો સંબંધ હતો. આરોપીએ વાહનના ઉપયોગ



અને અન્ય નાણાકીય વ્યવહારના બહાને ફરિયાદીનો વિશ્વાસ જીતી રૂપિયા ૧,૫૦,૦૦૦/- લીધા હતા. આ રકમ પરત ચૂકવવા માટે આરોપીએ આપેલો ચેક બેંકમાં "અપૂરતા ભંડોળ" કારણે પરત ફર્યો હતો. કાયદેસરની નોટિસ આપવા છતાં રકમ ન ચૂકવાતા ફરિયાદીએ કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. કેસની સુનાવણી દરમિયાન ફરિયાદી તરફે વકીલ સંજયકુમાર આર. કાતરીયાએ રજૂ કરેલા પુરાવા અને બેંક દસ્તાવેજોને આધારે કોર્ટે આરોપીને દોષિત ઠેરવ્યો હતો. અદાલતે નાણાકીય વ્યવહારોમાં વિશ્વસનીયતા જાળવવાના મહત્વપૂર્ણ અવલોકન સાથે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. આ સાથે જ ફરિયાદીને રૂપિયા ૧,૫૦,૦૦૦/-નું વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે, જે ન ચૂકવે તો આરોપીએ વધારાની સજા ભોગવવી પડશે.

**ફરીયાદી તરફે વકીલ સંજય કાતરીયાની દલીલ કોર્ટે ગ્રાહ્ય રાખી**

# બાબરા તાલુકાના નીલવડા ગામની સગીરાનું બદકામના ઈરાદે અપહરણ

**ખારચીયા ગામના શખ્સ સામે પોલીસ ફરીયાદ નોંધાઈ**

બાબરા, તા.૧૭

બાબરાના નીલવડા ગામની સગીરાનું બદકામના ઈરાદે જસદણના ખારચીયા ગામનો યુવક અપહરણ કરીને લઈ ગયો હતો. આ અંગે સગીરાના પિતાએ રાજકોટના જસદણ તાલુકાના ખારચીયા ગામના સાગરભાઈ ભરતભાઈ જાદવ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની દીકરીને આરોપી લલચાવી, ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી, બદકામ કરવાના ઈરાદે વાલીપણામાંથી અપહરણ કરીને લઈ ગયો હતો. બાબરા પોલીસ સ્ટેશનના પીઆઈ આર.આર. પરમાર વધુ તપાસ કરી રહ્યો છે.

# સાવરકુંડલામાં નશાખોર ભાઈએ જમવાનું માંગવા બાબતે સગર્ભા બહેનના પેટ પર પાટું માર્યું

સાવરકુંડલા, તા.૧૭

સાવરકુંડલા શહેરમાં કૌટુંબિક સંબંધોને શર્મસાર કરતી એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. જ્યાં એક નશાખોર ભાઈએ પોતાની સગર્ભા બહેન સાથે ઉગ્ર બોલાચાલી કરી તેના પેટના ભાગે જોરદાર પાટું મારી દીધું હતું. બનાવ અંગે હિરલબેન આશિષભાઈ વિંઝુડએ સગા ભાઈ મુકુંદ ભરતભાઈ હેલૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં મહિલા સાવરકુંડલા ખાતે પોતાના પિતાના ઘરે હાજર હતી. તે દરમિયાન તેનો ભાઈ નશાની હાલતમાં ધસી આવ્યો હતો. ઘરે આવીને તેણે મને જમવાનું આપ તેમ કહી જોરજોરથી બુમાબુમ અને હોબાળો કરવાનું શરૂ કરી દીધું હતું. જ્યારે બહેન તેના ભાઈ પાસે ગઈ અને તેને પૂછ્યું કે તમે નશો કરેલી હાલતમાં કેમ છો?, ત્યારે આરોપી ભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો. તે બહેનને જાહેરમાં બિભત્સ ગાળો આપવા લાગ્યો હતો. ઉશ્કેરાટમાં આવીને નરાધમ ભાઈએ તેની બહેન ગર્ભવતી હોવાનું જાણતો હોવા છતાં, તેના પેટના ભાગે જોરદાર પાટું મારી દીધું હતું. પેટમાં પાટું વાગવાના કારણે સગર્ભા મહિલાને અસહ્ય દુખાવો ઉપડ્યો હતો અને તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. હુમલો કર્યા બાદ પણ આરોપી ભાઈએ બહેનને ગળું કાપીને જાનથી મારી નાખીશ તેવી ગંભીર ધમકી આપી હતી.

# ચલાલામાં વિદ્યાર્થીનીએ ગળાફાંસો ખાઈ આપઘાત કરતા અરેરાટી

**આપઘાતનું કારણ જાણવા પોલીસે તપાસ હાથ ધરી**

ચલાલા, તા. ૧૭

ચલાલામાં એક વિદ્યાર્થીનીએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. આ અંગે દિવ્યેશભાઈ રમેશભાઈ ઉનડકટ (ઉ.વ.૪૫) એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રીએ કોઈ કારણોસર ગળાફાંસો ખાઈ લેતાં તેનું મૃત્યુ નીપજ્યું હતું. વિદ્યાર્થીનીના આવા આઘાતજનક પગલાથી પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા. તેણે કયા કારણોસર આ આત્મઘાતી પગલું ભર્યું તે જાણવા પોલીસે તપાસ હાથ ધરી છે. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રવિભાઈ કે. બગડા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં પટેલ માર્કેટથી રૂલર પોલીસ સ્ટેશન સુધીનો સીસી રોડ તૈયાર હોવા છતાં બંધ: વાહનચાલકો અને શહેરીજનો પરેશાન

સાવરકુંડલા,તા.૧૭

સાવરકુંડલા શહેરના હૃદયસમા પટેલ માર્કેટ વિસ્તારમાં જુના બસસ્ટેન્ડથી રૂલર પોલીસ સ્ટેશન સુધીનો સીસી રોડ સંપૂર્ણપણે તૈયાર થઈ ગયો હોવા છતાં હજુ સુધી વાહનવ્યવહાર માટે ખુલ્લો કરવામાં આવ્યો નથી. જીયુડીસી (GUDC) વિભાગ અને હરેશ કન્ટ્રક્શન દ્વારા હાથ ધરાયેલા આ કામની મુદત ૧૫ મે, ૨૦૨૬ ના રોજ પૂર્ણ થઈ ચૂકી છે. આ મુખ્ય માર્ગ પર સરકારી હોસ્પિટલ, પોલીસ ચોકી, બેંકો, એલઆઈસી ઓફિસ અને વ્યાપારી



તસવીર : સૌરભ દોશી

દુકાનો આવેલી હોવાથી રસ્તો બંધ રહેવાના કારણે સ્થાનિકો, વેપારીઓ અને વાહનચાલકોને લાંબા ડાઈવર્ઝનમાંથી પસાર થવું પડે છે. એસટી બસો બંધ થવાથી મુસાફરો અને રાહદારીઓની મુશ્કેલીઓ સતત વધી રહી છે. સ્થાનિક શહેરીજનોની પુરજોશ માંગ છે કે જીયુડીસી વિભાગ, નગરપાલિકા અને માર્ગ-મકાન વિભાગ દ્વારા આ તૈયાર રસ્તો તાત્કાલિક ખુલ્લો કરવામાં આવે જેથી જનજીવન પુનઃ સામાન્ય બની શકે.

# સાવરકુંડલામાં વસ્તી ગણતરી ૨૦૨૬-૨૭ અંગે પ્રશિક્ષણ બેઠક સંપન્ન: અમરેલી કલેક્ટરના માર્ગદર્શન હેઠળ તંત્ર સજ્જ

સાવરકુંડલા,તા.૧૭

સમગ્ર ભારતમાં આગામી સમયમાં યોજાનારી વસ્તી ગણતરી ૨૦૨૬-૨૭ અંતર્ગત અમરેલી જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા નગરપાલિકા વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ રાષ્ટ્રીય કામગીરી કોઈ પણ ક્ષતિ વિના



સફળતાપૂર્વક પાર પડે તેવા હેતુથી સ્થાનિક કે. કે. હાઈસ્કૂલના સભાખંડ ખાતે ચાર્જ અધિકારી અને ચીફ ઓફિસર સાવનકુમાર સતાણીના અધ્યક્ષ સ્થાને એક મહત્વપૂર્ણ તાલીમ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં માસ્ટર ટ્રેનર્સ દ્વારા તમામ ગણતરીકારો અને સુપરવાઈઝરોને ફોર્મ ભરવા, ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરવા અને નાગરિકો પાસેથી સચોટ વિગતો મેળવવા અંગે લાઈવ ડેમોન્સ્ટ્રેશન સાથે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી.

# સાવરકુંડલામાં જમાઈને સાસરીયાએ આંખમાં મરચું નાખી માર માર્યો

સાવરકુંડલા, તા.૧૭

સાવરકુંડલા શહેરમાંથી એક ચોંકાવનારી અને હિંસક ઘટના સામે આવી હતી. પત્નીને તેડવા આવેલા એક પતિ પર નાણાંની ઉઘરાણી બાબતે તેના જ સાસરિયાએ જીવલેણ હુમલો કર્યો હતો. આંખમાં મરચાની ભૂકી નાખી, પાઈપ અને કુહાડી જેવા હથિયારો વડે યુવકને બેરહેમીપૂર્વક ફટકારવામાં આવ્યો હતો, જેમાં તેના બંને હાથ-પગ ભાંગી ગયા હતા. આ અંગે રાજુલાના બાબરીયાધાર ગામે રહેતા હર્ષદભાઈ વિપુલભાઈ પરમાર (ઉ.વ.૨૮) એ સાવરકુંડલામાં રહેતા જગદિશભાઈ સુખાભાઈ પરમાર, દયાબેન જગદિશભાઈ પરમાર તથા બે અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ પોતાની પત્નીને તેડવા માટે સાવરકુંડલા ખાતે પોતાના સસરાના ઘરે આવ્યો હતો. આ દરમિયાન તે તેના ફઈના દીકરા જગદીશભાઈ પરમારના ઘરે ગયો હતો. ત્યાં આરોપીએ તેમની પાસે પૈસાની માંગણી કરી હતી. જોકે, ફરિયાદીએ પૈસા આપવાની ના પાડી દીધી હતી. પરંતુ તેમની પાસે પૈસા હોવાનું જોઈ જતાં ત્યાં હાજર દયાબેન પરમાર ઉશ્કેરાઈ ગયા હતા અને તેણે તેમની આંખમાં મરચાની ભૂકી નાખી દીધી હતી. આંખમાં મરચું પડતાં જ ભયભીત થઈને તેઓ પોતાનો જીવ બચાવવા ઊભો થઈને ભાગવા લાગ્યો હતો. તે સમયે આરોપીએ તેના પગમાં લોખંડની પાઈપનો જોરદાર ઘા ઝીંકી દીધો હતો. તેઓ જેમ-તેમ કરીને વાડ ટપીને ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો, ત્યારે ત્યાં હાજર એક અજાણ્યા શખ્સે તેના પગમાં કુહાડીનો ઘા મારી દીધો હતો. છતાં, તેઓ તે શખ્સને ધક્કો મારીને બજાર તરફ ભાગી છૂટ્યો હતો. હુમલાખોરો આટલેથી જ ન અટક્યા, તેઓ પીછો કરીને બજારમાં પહોંચ્યા હતા અને તેમને ગાળો આપી નીચે પાડી દીધો હતો. દયાબેન પરમારે તેના વાળ પકડી રાખ્યા હતા, જ્યારે અન્ય આરોપીએ લોખંડની પાઈપ અને કુહાડી જેવા ઘાતક હથિયારો સાથે તૂટી પડ્યા હતા. ચારેય શખ્સોએ ભેગા મળીને ફરિયાદીને બંને પગે ગોઠણથી નીચેના ભાગે તેમજ બંને હાથે કાંડા (પોંચા) ના ભાગે આડેધડ ફટકાર્યો હતો. આ હિંસક હુમલામાં તેમના બંને પગ અને બંને હાથમાં ગંભીર ફ્રેક્ચર થઈ ગયા હતા. આ ઉપરાંત આરોપીઓએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# કલેક્ટરની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરીયાદ નિવારણની બેઠક યોજાઈ

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને અને સાંસદ ભરતભાઈ સુતરિયા તેમજ ધારાસભ્યો મહેશભાઈ કસવાલા, જનકભાઈ તળાવિયા અને જે.વી. કાકડિયાની પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અગાઉના પેન્ડિંગ પ્રશ્નો જેવા કે રસ્તાઓ, જમીન માપણી, વીજ જોડાણ, જંગલ કટીંગ, પાણી પુરવઠો, માર્ગ અને મકાન વિભાગ તેમજ નગરપાલિકાને લગતી કામગીરીની કલેક્ટરે વિગતવાર સમીક્ષા કરી હતી. કલેક્ટરે નાગરિકોની સમસ્યાઓનું ઝડપી નિરાકરણ લાવવા માટે તમામ સંબંધિત કચેરીઓના વડાઓને જરૂરી કાર્યવાહી કરવા કડક સૂચનાઓ આપી હતી. આ ઉપરાંત, તેમણે જિલ્લામાં રાસાયણિક ખાતર અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓનો નિયમિત પુરવઠો જળવાઈ રહે તે બાબતે પણ સમીક્ષા કરીને યોગ્ય દિશાનિર્દેશો જાહેર કર્યા હતા. આ મહત્વપૂર્ણ બેઠકમાં નાયબ વન સંરક્ષક ધારી, એ.એસ.પી. જયવીર ગઢવી, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી કે.જે. જાડેજા, નિવાસી અધિક કલેક્ટર દિલીપસિંહ ગોહિલ સહિત લાઠી, સાવરકુંડલા, બગસરા અને ધારીના પ્રાંત અધિકારીઓ તેમજ વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને ઉપસ્થિત રહ્યા હતા.







# અમરેલી LCBએ ત્રણ ઈસમોને પાસા તળે જેલમાં ધકેલ્યા





અમરેલી,તા.૧૬

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટર સી.પી. વાઘેલા દ્વારા મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલ ઈસમ વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. આ દરખાસ્ત મંજૂર થતાં જ રાજુલાના ૨૦ વર્ષીય આરોપી સુજલ ઉર્ફે હુડ્ડી રાજુભાઈ સોલંકીને પાસા વોરંટની બજવણી કરી પાલનપુર જિલ્લા જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

રાજુલાના તત્વજ્યોતિ વિસ્તારમાં રહેતા ૨૫ વર્ષીય સોનુ ઉર્ફે ભુરો મકવાણાની પોલીસે ગંભીર ગુનામાં ધરપકડ કરી મધ્યસ્થ જેલ અમદાવાદ ખાતે મોકલવામાં આવ્યો હતો. જયારે તુષાર ગુણવંતભાઈ બગડા રહે. સાવરકુંડલાવાળાને પાસા તળે મહેસાણા જિલ્લા જેલ ખાતે મોકલી અપાયો છે. અમરેલી જિલ્લા પોલીસની કડક કાર્યવાહીથી અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

**પોલીસની કડક કાર્યવાહીથી અસામાજીક તત્વોમાં ફફડાટ ફેલાયો**

# અમરેલીની ગજેરા-વિદ્યાસભા સ્કૂલની બહેનોએ હેન્ડબોલમાં રાજ્ય કક્ષાએ સુવર્ણ પદક જીત્યો

અમરેલી,તા.૧૭

ચાપરડા ખાતે તા. ૨૬/૦૪/૨૦૨૬ થી ૦૧/૦૫/૨૦૨૬ દરમિયાન આયોજિત ઈન્ટર **DLSS** લીગ હેન્ડબોલ બહેનોની સ્પર્ધામાં અમરેલી ગજેરા કેમ્પસ-વિદ્યાસભાની ટીમે સુવર્ણ પદક મેળવી રાજ્ય કક્ષાએ ગૌરવ વધાર્યુ છે. આ સ્પર્ધામાં રાજ્યભરની શ્રેષ્ઠ શાળાઓની ટીમો સામે પ્રારંભિક રાઉન્ડથી જ



આત્મવિશ્વાસ સાથે શ્રેષ્ઠ પ્રદર્શન કરી રૂષિતા સોલંકી, નયના શેખ અને નિરાલી જાદવ સહિતની ૧૬ ખેલાડીઓની ટીમે ફાઈનલ જીતી લીધી હતી. ખેલાડીઓની આ વિશિષ્ટ સિદ્ધિ પાછળ સંસ્થાનું નિયમિત પ્રશિક્ષણ, કોચ રવિભાઈ નાવડિયા તથા ટ્રેનર કમલેશભાઈ અને ભૂમિબેનનું માર્ગદર્શન મહત્વપૂર્ણ રહ્યું છે. આ ગૌરવપૂર્ણ સફળતા બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, ગીરધરભાઈ ગજેરા, ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ સમગ્ર વિજેતા ટીમ અને કોચિંગ સ્ટાફને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# બગસરાના બાલાપુર પ્રા.શાળાની કૃતિ રાષ્ટ્રીય કક્ષાએ પસંદ થઈ

બગસરા, તા.૧૭



તસવીર : હાર્દીક બામટા

બગસરા તાલુકાની શ્રી બાલાપુર પ્રાથમિક શાળાએ ૫૩માં રાજ્યકક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ઉત્કૃષ્ટ સિદ્ધિ મેળવી રાષ્ટ્રીય કક્ષાએ સ્થાન પ્રાપ્ત કર્યું છે. શાળાના બાળ વૈજ્ઞાનિકો નસીત ધર્મ અને ભવ્ય સાંગાણી દ્વારા રજૂ કરાયેલી દિવ્યાંગો માટેની 'હેલ્પ ફૂલચેર ફોર ડિસેબલ પીપલ' (સ્માર્ટ વ્હીલચેર) કૃતિએ વિભાગ-૫ માં રાજ્ય સ્તરે પ્રથમ સ્થાન મેળવ્યું છે. માર્ગદર્શક શિક્ષક કેયુરભાઈ ઢોલરીયાના નેતૃત્વમાં તૈયાર થયેલી આ કૃતિ હવે નેશનલ કક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

# અમરેલી-ચલાલા રોડ પર અજાણી કારના બાઈકને ટક્કર બાદ મદદ કરવા ઊભેલા લોકો પર અન્ય કાર ફરી વળી

અમરેલી, તા.૧૭

અમરેલી-ચલાલા હાઈવે પર દેવરાજીયા ગામ નજીક એક વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. જેમાં પહેલા એક અજાણી ફોરવ્હીલ ગાડીએ બાઈકને ટક્કર મારી હતી, અને ત્યારબાદ અકસ્માતનો ભોગ બનેલા લોકોને મદદ કરી રહેલા સ્થાનિકો પર અન્ય એક પૂરઝડપે આવતી કાર ચડી ગઈ હતી. આ બેવડા અકસ્માતમાં બાઈક સવાર સહિત મદદ કરનારા અનેક લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. કેતનભાઈ મગનભાઈ ગોહીલ (ઉ.વ.૨૫)એ બે ફોર વ્હીલ ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. ઈજાગ્રસ્ત વ્યક્તિ પોતાના બાઈક પર અન્ય એક વ્યક્તિને પાછળ બેસાડી ડબલ સવારીમાં અમરેલીથી પોતાના ગામ દેવપાણીયા તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન અમરેલી-ચલાલા રોડ પર દેવરાજીયા ગામથી એકાદ કિલોમીટર દૂર ચલાલા તરફ એક વાડી પાસે પહોંચતા, સામેથી આવતા એક અજાણ્યા ફોરવ્હીલ ચાલકે કોઈ વાહનને ઓવરટેક કરવા જતા બાઈક સાથે જોરદાર અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં બાઈક ચાલક અને પાછળ બેસેલ સવારને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી અજાણ્યો કાર ચાલક વાહન સહિત નાસી છૂટ્યો હતો. આ લોકો જ્યારે ઈજાગ્રસ્તોને સંભાળી રહ્યા હતા, ત્યારે જ ચલાલા તરફથી આવતી એક કારના ચાલકે પોતાના હવાલાવાળી ગાડી પૂરઝડપે અને બેદરકારીથી ચલાવી રોડ પર ઊભેલા આ મદદગારો પર ચડાવી દીધી હતી. જેના કારણે તેમને અને સાહેદોને પણ શરીરે નાની-મોટી અને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

# કલેકટરના અધ્યક્ષસ્થાને ચોમાસા પૂર્વેની કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને ચોમાસા પૂર્વેની કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં નિવાસી અધિક કલેક્ટરે ૧ જૂનથી તમામ તાલુકા મથકોએ કંટ્રોલ રૂમ શરૂ કરવા અને આપત્તિ વ્યવસ્થાપન માટે નોડલ અધિકારીઓની નિમણૂક કરવાની સૂચના આપી હતી. બેઠકમાં પૂર, વાવાઝોડું, રાહત-બચાવ કાર્ય, વીજ પુરવઠો અને માર્ગો પૂર્વવત કરવા તેમજ નુકસાનીના ઝડપી સર્વે અને વળતર ચૂકવણી અંગે ચર્ચા થઈ હતી. સ્થાનિક સ્તરે તરવૈયા, વાહનો, આશ્રય સ્થાનો અને ભોજનની વ્યવસ્થા અગાઉથી સુનિશ્ચિત કરવા જણાવાયું હતું. આ ઉપરાંત કોઝ-વે પર સાઈન બોર્ડ લગાવવા, ડેમની સુરક્ષા, ક્લોરિનેશન, માછીમારોની તકેદારી અને જર્જરિત ઈમારતોના સર્વે અંગે ખાસ સૂચના અપાઈ હતી. કલેક્ટરે દરિયાકાંઠાના જાફરાબાદ અને શિયાળબેટ ટાપુ પર સગર્ભા મહિલાઓની આરોગ્ય સુવિધા પર ભાર મૂક્યો હતો.




# જિલ્લામાં ગેસ કંપનીઓના આપત્તિ વ્યવસ્થાપન અંગે બેઠક યોજાઈ

અમરેલી,તા.૧૭

અમરેલી ડિસ્ટ્રીક્ટ ક્રાઈસીસ ગ્રુપના ચેરપર્સન અને જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લામાં કાર્યરત ગેસ અને કેમિકલ કંપનીઓની આપત્તિ વ્યવસ્થાપન સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં જુનાગઢના ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વિભાગના નાયબ નિયામકે ગ્રુપના હેતુઓ અને એજન્ડાની માહિતી આપી હતી.આ સમીક્ષામાં મેજર એક્સીડેન્ટ હેઝાર્ડ **(MAH)** અંતર્ગત આવતી બાબરા, અમરેલી અને રાજુલા-પીપાવાવ વિસ્તારની કુલ ૬૭ કંપનીઓની અગ્નિશમન, રેસ્ક્યૂ અને સાધનોની સજ્જતા ચકાસવામાં આવી હતી. કલેક્ટરે આપત્તિ સમયે પ્રથમ રિસ્પોન્સ બાદ વહીવટી તંત્રને ત્વરિત જાણ કરવા અને સ્થાનિક પ્રાંત અધિકારીઓ સાથે યોગ્ય સંકલન સાધવા દિશા-નિર્દેશ આપ્યા હતા.

# અવસાન નોંધ

**સાવરકુંડલા**

સ્વ.સોની બાબુભાઈ રાયચંદભાઈ ઝીંઝુવાડીયા (ઉ.વ.૭૩)નું તા.૧૫/૫/૨૦૨૬ ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ભરતભાઈ, રાજેશભાઈ, શશીકાંતભાઈ, જીતેન્દ્રભાઈ તથા રાકેશભાઈના કાકા થાય છે. તેમનું સદગતનુ બેસણુ તા.૧૮/૦૫/૨૦૨૬ને સોમવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે ગાંધીચોક, મહાલક્ષ્મી માતાજીના મંદિરે, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

સ્વ.જીતેન્દ્રભાઈ ચુનીલાલ સરૈયા(ઉ.વ.૬૭)નુ તા.૧૬/૫/૨૬ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ચુનીલાલ વિઠલદાસ સરૈયના પુત્ર અને પ્રવિણચંદ્ર ચુનીલાલ સરૈયા અને રાજેશભાઈ સરૈયાના ભાઈ થાય છે. તેમનુ સદગતનું બેસણુ તા.૧૮/૦૫/૨૦૨૬ને સોમવારના રોજ સાંજે ૫:૦ થી ૬:૦૦ કલાકે પંચનાથ મહાદેવ મંદિર રાજકોટ ખાતે રાખેલ છે.

# જિલ્લામાંથી ૧૦ પ્યાસી ઝડપાયા

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લામાં પોલીસે વિવિધ સ્થળોએથી ૧૦ પ્યાસીઓને ઝડપી પાડ્યા હતા. બગસરા, ફતેપુર, મોટા બારમણ, બોરાળા, શિયાળબેટ, અમરેલી, રાજુલા અને ડુંગરમાંથી આ ૧૦ ઈસમો પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# શેખ પીપરીયા ગામેથી યુવક ગુમ

લાઠી, તા. ૧૭

લાઠીના શેખ પીપરીયા ગામેથી એક યુવક ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વગર ચાલી નીકળ્યો હતો. આ અંગે વિજયભાઈ જેઠાભાઈ બોદરે (ઉ.વ. ૩૦) જાહેર કર્યા મુજબ, તેમના ભાઈ જયદેવભાઈ બોદર પાંચ દિવસ પહેલા પોતાના ઘરેથી ક્યાંય પણ કહ્યા વગર ગુમ થયા હતા. પરિવારજનો દ્વારા શોધખોળ કરવા છતાં તેમની કોઈ ભાળ મળી નહોતી, જેથી આ અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી.


















# અમરેલીની એસ. એચ. ગજેરા MBA મહિલા કોલેજ યુનિવર્સિટી ટોપટેનમાં સાતમા સ્થાને

અમરેલી,તા.૧૭

અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ ખાતે આવેલી એસ. એચ. ગજેરા MBA મહિલા કોલેજ, અમરેલી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ના M.B.A. સેમેસ્ટર-I નું યુનિવર્સિટી પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ પરિણામમાં કોલેજે શાનદાર પ્રદર્શન



કરતા યુનિવર્સિટીના ટોપટેન (Top 10) માં સાતમું સ્થાન પ્રાપ્ત કર્યું છે.કોલેજ કક્ષાએ ઉત્કૃષ્ટ ગુણ મેળવનાર વિદ્યાર્થીનીઓમાં ટીલાળા દ્રષ્ટિ જે. ૯.૦૯ SPI મેળવીને કોલેજમાં પ્રથમ સ્થાને રહી છે. જ્યારે અકબરી વિપેક્ષા સી. ૮.૫૫ SPI સાથે કોલેજમાં દ્વિતીય સ્થાને અને સવંટ સમીરા બી. ૮.૪૫ SPI મેળવીને કોલેજમાં તૃતીય સ્થાને રહી છે. સેમેસ્ટર-૧ ના આ પરિણામમાં યુનિવર્સિટી કક્ષાએ સાતમું સ્થાન પ્રાપ્ત કરવા બદલ તેમજ ઝળહળતી સફળતા મેળવવા બદલ સંસ્થાના સ્ટાફ મિત્રો, તમામ વિદ્યાર્થીનીઓ અને રેન્કર્સને એસ. એચ. ગજેરા MBA મહિલા કોલેજ તેમજ શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# બાબરાના નવાણીયામાં તળાવ રિસ્ટોરેશનનું ધારાસભ્ય જનક તળાવીયાએ કર્યું ખાતમુહૂર્ત

બાબરા,તા.૧૭

બાબરા તાલુકાના નવાણીયા ગામે સ્થાનિક ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે તળાવ રિસ્ટોરેશન કાર્યનું વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે, જે સ્થાનિક ખેડૂતો માટે આનંદના સમાચાર છે. રાજ્ય સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારમાં સિંચાઈની સુવિધાઓ વધુ સુદ્રઢ બને અને જળ સંગ્રહ



ક્ષમતામાં વધારો થાય તેવા ઉમદા હેતુથી રૂ. ૫૫ લાખના ખર્ચે આ મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે, વર્તમાન સરકાર ખેડૂતોના હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. આ તળાવના રિસ્ટોરેશનથી આજુબાજુના ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધ બનશે, જેના કારણે કૃષિ ઉત્પાદન વધશે અને ખેડૂતો આર્થિક રીતે વધુ સક્ષમ બનશે. વધુમાં આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં વિસ્તારમાં જળસ્તર ઊંચા આવશે અને ભૂગર્ભ જળની સ્થિતિમાં પણ મોટો સુધારો થશે.

# અમરેલીમાં ટ્રાફિકને અડચણરૂપ વાહનો અને લારીવાળાઓ સામે પોલીસની લાલ આંખ

અમરેલી, તા.૧૭

અમરેલી શહેરના મુખ્ય માર્ગો અને જાહેર રસ્તાઓ પર ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે પોલીસે કડક ઝુંબેશ હાથ ધરી હતી. આ અંતર્ગત જાહેર માર્ગો પર આડેધડ વાહનો પાર્ક કરનારા તેમજ રસ્તાની વચ્ચે હાથલારીઓ ઊભી રાખી ટ્રાફિકને અવરોધતા તત્વો સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી છે. પોલીસે અલગ-અલગ વિસ્તારોમાંથી ત્રણ ફૂટની લારીવાળા અને બે ઓટો રીક્ષા ચાલકો સામે ટ્રાફિક નિયમોના ભંગ બદલ ગુના નોંધ્યા હતા. અમરેલી પોલીસની ટીમ જ્યારે પેટ્રોલીંગમાં હતી ત્યારે જાહેર રસ્તા પર ટ્રાફિકજામ થાય તે રીતે લારીઓ ઊભી રાખેલા શખ્સો મળી આવ્યા હતા. જેમાં એક શખ્સ પોતાની હાથલારીમાં કેળા રાખીને જાહેર માર્ગ પર અવરોધ ઊભો કરતા ઝડપાયો હતો. અન્ય એક વેપારી પોતાની હાથલારીમાં કેરી ભરીને ટ્રાફિકને નડતરરૂપ થાય તે રીતે ઊભો હતો. ત્રીજો એક લારીવાળો પણ રોડની વચ્ચે કેળાની લારી રાખીને ગ્રાહકોને માલસામાન વેચતો મળી આવ્યો હતો, જેના કારણે વાહનચાલકોને મુશ્કેલી પડી રહી હતી.

ફૂટની લારીઓ ઉપરાંત, ચોક અને ચકલાઓ પર આડેધડ રીક્ષાઓ ઊભી રાખી ટ્રાફિક વ્યવસ્થા ખોરવતા ચાલકો સામે પણ પોલીસે ગાળિયો કસ્યો હતો. પોલીસ પેટ્રોલીંગ દરમિયાન બે અલગ-અલગ ઓટો રીક્ષાના ચાલકો પોતાની રીક્ષાઓ ટ્રાફિકને ભારે અડચણરૂપ થાય અને અન્ય વાહનો પસાર ન થઈ શકે તે રીતે જાહેરમાં રાખીને ઊભેલા મળી આવ્યા હતા.

પોલીસે આ તમામ પાંચેય આરોપીઓ વિરુધ્ધ જાહેર માર્ગ પર અડચણ ઊભી કરવા બદલ કાયદેસરનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી

**ટ્રાફિકને નડતરરૂપ લારી-ગલ્લા અને વાહનચાલકો સામે ઝુંબેશ ચાલુ રહેશે**

છે. તેમજ આગામી દિવસોમાં પણ ટ્રાફિકને નડતરરૂપ લારી-ગલ્લા અને વાહનચાલકો સામે આ પ્રકારની કડક ઝુંબેશ ચાલુ રહેશે તેવી ચેતવણી આપી હતી. પોલીસની કામગીરીથી ટ્રાફિકમાં અડચણરૂપ બનતા લોકોમાં ફફડાટ ફેલાયો છે.

# જાફરાબાદમાં ટોકન લીધા વગર દરિયામાં માછીમારી કરવા ગયેલી બોટ ઝડપાઈ

જાફરાબાદ, તા. ૧૭

સરહદી અને દરિયાઈ સુરક્ષાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા બનાવવામાં આવેલા નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે લાલ આંખ કરવામાં આવી છે. જાફરાબાદ બંદરથી આશરે ૨ નોટિકલ માઈલ દૂર ટેટાપુલ પાસે સુરક્ષા એજન્સીઓ દ્વારા પેટ્રોલિંગ દરમિયાન નિયમોનો ભંગ કરીને દરિયામાં ગયેલી એક માછીમારી બોટને ઝડપી પાડવામાં આવી હતી.SAI KRUPA નામની માછીમારી બોટ નિયમ મુજબ લેવાનું થતું સરકારી ટોકન લીધા વગર જ ગેરકાયદેસર રીતે દરિયામાં માછીમારી કરવા માટે નીકળી પડી હતી. દરિયાઈ સુરક્ષાના કડક નિયમો અંતર્ગત કોઈપણ બોટે દરિયામાં જતા પહેલા ટોકન લેવું ફરજિયાત હોય છે, જેનો અહીં સ્પષ્ટ અનાદર કરવામાં આવ્યો હતો. આ મામલે બોટના ટંડેલ વિષ્ણુભાઈ હરજીભાઈ બારૈયા (ઉર્ફે પોપટ), ઉંમર વર્ષ ૩૯, ધંધો- માછીમારી, (રહે. બાલક્રિષ્ના સોસાયટી, સામાકાંઠા, તા. જાફરાબાદ, જી. અમરેલી) ની અટકાયત કરવામાં આવી હતી.

# જિલ્લામાં યોજાનાર પૂરક પરિક્ષામાં સફળતા માટે વિદ્યાર્થીઓ માટે શિક્ષણ વર્ગોનું આયોજન

અમરેલી,તા.૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬ની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ શિક્ષણના મુખ્ય પ્રવાહમાં ટકી રહે અને આગામી જૂન-૨૦૨૬ની પૂરક પરીક્ષામાં સફળતા મેળવે તેવા ઉમદા આશયથી ખાસ ઉપચારાત્મક શિક્ષણ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિશેષ શૈક્ષણિક અભિયાન આગામી તારીખ ૧૮/૦૫/૨૦૨૬ થી તારીખ ૦૬/૦૬/૨૦૨૬ સુધી દરરોજ સવારે ૦૯:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમિયાન નિયત કેન્દ્રો પર ચલાવવામાં આવશે. વિદ્યાર્થીઓની સુવિધા માટે જિલ્લાના વિવિધ તાલુકા મથકોએ કેન્દ્રો નક્કી કરાયા છે, જેમાં અમરેલી ખાતે એસ.એસ. અજમેરા ગર્લ્સ હાઈસ્કૂલ (કન્યાઓ માટે) અને જ્ઞાનદીપ વિદ્યામંદિર (કુમારો માટે) શિક્ષણ આપશે. આ ઉપરાંત લાઠીની કલાપી વિનય મંદિર, લીલીયાની અમૃતબા હાઈસ્કૂલ, બાબરાની સરકારી કમળશી હાઈસ્કૂલ, ધારીની જી. એન. દામાણી હાઈસ્કૂલ તેમજ બગસરાની મેઘાણી હાઈસ્કૂલમાં વર્ગો ચાલશે. કુંકાવાવની સુરગવાળા સાર્વજનિક હાઈસ્કૂલ, સાવરકુંડલાની એસ. વી. દોશી હાઈસ્કૂલ, ખાંભાની જે. એન. મહેતા હાઈસ્કૂલ, રાજુલાની ટી. જે. બી. હાઈસ્કૂલ અને જાફરાબાદની મોડેલ સ્કૂલ ખાતે પણ આ વર્ગોનું આયોજન હાથ ધરાયું છે.

**એન્જલ –૪ સોસાયટીના જમીન માલીક સામે ફરિયાદ થઈ હતી**

# અમરેલીમાં કરોડો રૂપિયાના ઠગાઈના કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

અમરેલી,તા.૧૭

અમરેલી શહેરમાં આવેલ એન્જલ –૪ સોસાયટીના કરોડો રૂપિયાની ઠગાઈના ચકચારી કેસમાં જમીન માલિકનો નિર્દોષ છુટકારો થયો છે. આ કેસની વિગત મુજબ ફરીયાદી ભાવીનભાઈ જીતેન્દ્રભાઈ સોજીત્રા અને આરોપી કેશુભાઈ માવજીભાઈ જોગાણી વચ્ચે જમીન ડેવલપ કરવાનો બીઝનેશ નક્કી થયો હતો. જેમાં ચક્કરગઢ રોડ ઉપર આવેલ સ.નં. ૩૩૨ વાળી જમીન બાબતે નાણાકીય વ્યવહાર થયો હતો. ફરીયાદીને રૂા. ૨,૫૦,૦૦,૦૦૦/- ની રકમ બાબતે શંકા જતા તેમણે પોલીસ ફરિયાદ કરી હતી. ફરિયાદ મુજબ આરોપીએ



સિક્યોરિટી પેટે આપેલ રજીસ્ટર્ડ બાનાખતવાળી જમીન અગાઉ પોતાના ભાઈ રવજીભાઈને રજીસ્ટર્ડ દસ્તાવેજથી આપી દીધી હતી. પોલીસે આ મામલે છેતરપિંડીનો ગુન્હો નોંધી ચાર્જશીટ રજુ કર્યું હતું. કોર્ટમાં કેસ ચાલતા સરકાર પક્ષે ઘણા સાક્ષીઓ તપાસવામાં આવ્યા હતા પરંતુ ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ સાબિત કરી શક્યો ન હતો. પરિણામે અમરેલીના ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ એસ.આર. વાકલીયાએ આરોપી કેશુભાઈ જોગાણીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી તરફે સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી તથા હરનીલ ત્રિવેદી રોકાયા હતા અને તેમની ધારદાર દલીલોને કોર્ટે ધ્યાને લીધી હતી.

**કોર્ટે વકીલ ઉદ્દયન ત્રિવેદીની દલીલો ગ્રાહ્ય રાખી**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ બીજ
તા.૧૮-૦૫-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૬:૦૧,
સૂર્યાસ્ત-૦૭:૧૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ રોહિણી

## દૈનિક રાશિફળ

**તા.૧૮-૦૫-૨૦૨૬ — સોમવાર**

મેષઃ આજે એવું થઇ શકે છે કે તમે બેંકમાં તમારી કોઈપણ મિલકત અથવા અન્ય કોઈ કિંમતી વસ્તુનો ઉપયોગ કરી શકો છો.

વૃષભઃ દિવસની શરૂઆત તમારા માટે થોડી પ્રતિકૂળ હોઈ શકે છે. સંભવ છે કે તમે કુટુંબના સભ્ય અથવા બાળકને લગતી કોઈ બાબતથી નાખુશ હશો.

મિથુનઃકાર્યક્ષેત્રમાં કેટલાક મોટા ફેરફારો શક્ય છે જે તમારા હિતમાં ન હોઈ શકે અથવા તમને તે ગમશે નહીં. તમારે તેની ચિંતા કરવાની જરૂર નથી.

કર્કઃ આજનો દિવસ તમારા માટે શુભ છે. લોકો પ્રત્યેના મનમાં તમારી તરફ સદ્ભાવના પણ જાગૃત થશે.

સિંહઃ આજે કેટલીક માહિતી મેળવવાનો દિવસ રહેશે અને તમારી બૌદ્ધિક ક્ષમતામાં વધારો થશે.

કન્યાઃ આજે શક્ય છે કે તમારો પ્રતિકૂળ સમય સવારથી જ શરૂ થઈ જાય. બપોર સુધીમાં તમારું મન મુંઝવણમાં મુકાઈ જશે.

તુલાઃ તમારા માટે આજનો દિવસ થોડો મુશ્કેલ હોઈ શકે છે. કેટલાક કામ બગડવાના કારણે નિરાશા વધી શકે છે.

વૃશ્ચિકઃ વ્યવસાયની સ્થિતિમાં સુધાર થશે અને મોટા અધિકારીની મદદથી તમારું કામ જે લાંબા સમયથી અટવાયું છે તે પૂર્ણ થશે.

ધનઃઆજનો દિવસ તમારા માટે સારો છે. આજે કેટલાક કામ તમારા વિચાર વિરોધી હોઈ શકે છે.

મકરઃ આજનો દિવસ તમારા માટે અનુકૂળ છે અને તમારો મૂડ પણ આજે સારો રહેશે. આજે જે લોકો તમારું સારું ઇચ્છે છે તે તમારી આસપાસ દેખાશે.

કુંભઃ આજે તમારું સ્વાસ્થ્ય સારું નહીં રહે અને શક્ય છે કે દિવસના પહેલા ભાગમાં એક સાથે ઘણું કામ તમારી સામે આવી શકે છે.

મીનઃ આજે તમારા કાર્ય માટે અનુકૂળ દિવસ છે. આજે પરીક્ષાની સ્પર્ધામાં સફળતા મળી શકે છે.

# અમરેલીમાં સમાધાનની ના પાડતાં બાઈક આંતરી યુવકને થોરની વાડમાં ફેંક્યો

**ઘરે જઈને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી**

અમરેલી, તા. ૧૭

અમરેલી શહેરમાં અગાઉ થયેલી મારામારીના કેસમાં સમાધાન કરવાની ના પાડતા એક યુવક પર ફિલ્મી ઢબે હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. આરોપીએ યુવકના બાઈકનો પીછો કરી તેને આંતર્યો હતો અને માર મારી કાંટાળી વાડમાં ફેંકી દીધો હતો. આટલેથી ન અટકતા, તમામ આરોપીઓએ એકસંપ થઈને ફરિયાદીના ઘરે જઈ પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે ગૌતમભાઈ સામતભાઈ રાઠોડ (ઉ.વ.૩૫) એ ભોલુભાઈ જયંતિભાઈ લુહાર, જગદીશભાઈ જયંતિભાઈ લુહાર, ભોલુભાઈની બે બહેનો તથા તેમના બનેવી સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે ભોલુભાઈ જયંતિભાઈ લુહાર, તેમના બનેવી અને ઘરના અન્ય સભ્યોએ ફરિયાદીના પિતાને માર માર્યો હતો. આ મામલે આરોપીઓ ફરિયાદીના પિતાના ઘરે સમાધાનની દરખાસ્ત લઈને ગયા હતા. જો કે, તેમણે આ મામલે સમાધાન કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. સમાધાનની ના પાડતા આરોપીઓ મનોમન ચિડાયા હતા.ત્યારબાદ યુવક પોતાનું મોટરસાયકલ લઈને ઓમનગર સ્થિત પોતાના ઘરે જઈ રહ્યો હતો, ત્યારે આરોપીએ પણ પોતાનું બાઈક તેની પાછળ દોડાવ્યું હતું.

રસ્તામાં તેનું બાઈક રોકાવી આરોપીએ ધમકાવતા કહ્યું કે, "તારા બાપુજીથી મારા ભાણિયાને કેમ મરાય?" તેમ કહી બેફામ ગાળો આપવા લાગ્યો હતો. યુવકે ગાળો બોલવાની ના પાડતાં જ આરોપીએ તેના જમણા ગાલ પર બે લાફા ચોડી દીધા હતા. હુમલાથી બચવા તે શાસ્ત્રીનગર બાજુ ભાગવા ગયો, ત્યારે આરોપીએ પાછળથી ધક્કો મારી તેને નીચે પછાડી દીધો હતો અને અધ્ધર ઊંચકીને રસ્તા કિનારે આવેલી કાંટાળી વાડમાં ફેંકી દીધો હતો. આ હુમલામાં તેને વાંસાના ભાગે, ડાબા પગની સાથળમાં અને ડાબા હાથના કાંડા પર ગંભીર મૂઢ ઈજાઓ થઈ હતી.

આ હુમલા બાદ ભોગ બનનાર યુવક જેમ-તેમ કરીને પોતાના પિતાના ઘરે પહોંચ્યો હતો. પરંતુ આરોપીઓનો આક્રોશ હજુ શાંત થયો નહોતો. આ કેસના તમામ આરોપીઓએ એકસંપ થઈ, સમાન ઈરાદો પાર પાડવા માટે તેના પિતાના ઘરને ઘેરી લીધું હતું.

તેમણે યુવક, તેના ભાઈ અને ભાભીને ગંદી ગાળો આપી, જાનથી મારી નાખવાની ગંભીર ધમકીઓ આપી હતી. આ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી. વી. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીમાં આર્થિક તંગીના કારણે આગળ ભણી ન શકવાના ડરથી હોશિયાર વિદ્યાર્થીનો આપઘાત

ધારી, તા.૧૭

ધારીમાં ભણવામાં ખૂબ જ તેજસ્વી અને હોશિયાર એવા એક વિદ્યાર્થીએ આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે આગળ અભ્યાસ નહીં કરી શકે તેવા ડર અને આઘાતમાં આવી જઈ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. સંજયભાઈ રમેશભાઈ ચાવડા (ઉ.વ.૩૮) એ જાહેર કર્યા મુજબ, યશ સંજયભાઈ ચાવડા (ઉ.વ.૧૭) મૃતક વિદ્યાર્થી ભણવામાં ખૂબ જ હોશિયાર હતો અને તેને આગળ કોઈ સારી સ્કૂલમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાની તીવ્ર ઈચ્છા હતી. પરંતુ પરિવારની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી હોવાના કારણે, સારી સ્કૂલની ફી અને ભણવાનો ખર્ચ પરવડી શકે તેમ ન હતો. પોતે ઈચ્છવા છતાં આગળ સારું શિક્ષણ નહીં મેળવી શકે તે વાતનું તેને મનમાં ઊંડું લાગી આવ્યું હતું. આર્થિક સંકડામણને કારણે ભવિષ્ય ધૂંધળું દેખાતા આ માસૂમ વિદ્યાર્થી સતત માનસિક તણાવમાં સરી પડ્યો હતો. તેણે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લીધો હતો.

# બાબરા-દરેડ રોડ પર કાર પલટી જતાં ચાલકનું ઘટનાસ્થળે જ મોત

બાબરા, તા.૧૭

બાબરા ગામની સીમમાં એક ગંભીર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી હતી, જેમાં એક કાર ચાલકે સ્ટેયરિંગ પરથી કાબુ ગુમાવતા કાર પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં કાર ચાલકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ અંગે ગઢડા તાલુકાના પીપરડી ગામના કુલદીપભાઈ ભરતભાઈ ખાચર (ઉ.વ.૨૮)એ જાહેર કર્યા મુજબ, સંદીપભાઈ મંગળુભાઈ ખાચર (ઉ.વ.૩૧)ની કાર માનવ જિંદગી જોખમાય તે રીતે બેકાબૂ ગતિએ બાબરાથી પીપરડી ગામ તરફ જઈ રહી હતી. કાર જ્યારે બાબરા અને દરેડ ગામની વચ્ચે પહોંચી, ત્યારે ચાલકે અચાનક સ્ટેયરિંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો. કાબુ ગુમાવવાના કારણે અલ્ટો કાર રોડ પર જ જોરદાર પલટી ખાઈ ગઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કાર ચાલકને શરીરે નાની-મોટી છોલાણની ઈજાઓ થવા સાથે માથાના ભાગે ખોપડી ફાટી ગઈ હતી. ગંભીર ઈજાઓ થવાના કારણે ચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ એમ ગમારા વધુ તપાસ કરી રહ્યા છે.

## તંત્રી લેખ

# મહાસત્તાઓનું મહાભારત

૨૧મી સદીની દિશા નક્કી કરતા અમેરિકા ચાઈનાના સંબંધો વિષે વિશ્વભરના મીડિયામાં જે સ્ટોરી આવી રહી છે તેની પોઝિટિવ અસરો કરતા નેગેટિવ અસરો વધુ છે.

અમેરિકા-ચાઈના સંબંધો અમેરિકન પ્રમુખની મુલાકાત બાદ થોડા હળવા બન્યા છે પણ એનો અર્થ એમ નથી કે બંને દેશો વચ્ચે સંબંધો સો ટકા પોઝિટિવ બન્યા છે. ૨૧મી સદીના વૈશ્વિક રાજકારણ, અર્થતંત્ર અને ભૌગોલિક વ્યૂહરચનાને જો કોઈ એક બાબત સૌથી વધુ પ્રભાવિત કરતી હોય, તો તે છે અમેરિકા અને ચાઈના વચ્ચેના સંબંધો. એક તરફ વિશ્વની સૌથી જૂની અને મજબૂત લોકશાહી તેમજ આર્થિક મહાસત્તા તરીકે સ્થાપિત અમેરિકા છે, તો બીજી તરફ પોતાના સામ્યવાદી મોડલ અને અભૂતપૂર્વ આર્થિક તેમજ સૈન્ય વિકાસના જોરે વિશ્વ પર પ્રભુત્વ મેળવવા મથતું ચાઈના છે. આ બે દેશો વચ્ચેના સંબંધો માત્ર તેમના પૂરતા સીમિત નથી, પરંતુ તેની સીધી અસર સમગ્ર વિશ્વની શાંતિ, વ્યાપાર અને સુરક્ષા પર પડે છે. વર્તમાન સમયમાં આ બંને દેશો વચ્ચે ચાલી રહેલું ચૂપુ યુદ્ધ જગત આખાને એક નવી ધરી પર લાવીને મૂકી ચૂક્યું છે.

ઈતિહાસના પાના ફેરવીએ તો, ૧૯૭૦ના દાયકામાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ રિચર્ડ નિક્સનની ચીન મુલાકાત બાદ બંને દેશો વચ્ચે આર્થિક સંબંધોની એક નવી શરૂઆત થઈ હતી. અમેરિકાને આશા હતી કે વૈશ્વિક અર્થતંત્રમાં જોડાવાથી ચીન પણ લોકશાહી અને મુક્ત બજારના માર્ગે ચાલશે. શરૂઆતમાં ચીને પોતાની તાકાત છુપાવીને યોગ્ય સમયની રાહ જોવાની નીતિ અપનાવી હતી. પરંતુ પાછલા બે દસકામાં , ખાસ કરીને રાષ્ટ્રપતિ શી જિનપિંગના શાસનકાળમાં, ચીન એક આક્રમક મહાસત્તા તરીકે ઉભરી આવ્યું છે. આજે ચીન દરેક ક્ષેત્રે અમેરિકાની બરાબરી કરવા માંગે છે, જેના કારણે બંને વચ્ચેનો સહયોગ હવે તીવ્ર સ્પર્ધા અને સંઘર્ષમાં બદલાઈ ગયો છે. ઘણા નિષ્ણાતો આ સ્થિતિને જૂના શીત યુદ્ધ સાથે સરખાવે છે, પરંતુ આ નવો તણાવ વધુ જટિલ છે. ભૂતકાળમાં અમેરિકા અને સોવિયત યુનિયન આર્થિક રીતે એકબીજાથી તદન અલગ હતા, જ્યારે આજે અમેરિકા અને ચીનના અર્થતંત્રો એકબીજા સાથે એટલા વણાયેલા છે કે તેમને અલગ કરવા અશક્ય જેવા છે. અમેરિકાના ગ્રાહકો ચીની વસ્તુઓ પર નિર્ભર છે અને ચીનનું અર્થતંત્ર અમેરિકી બજાર પર નભે છે, તેથી બંને દેશો ઈચ્છવા છતાં પણ એકબીજાથી સંપૂર્ણ છેડો ફાડી શકતા નથી. અંતમાં, અમેરિકા અને ચાઇના વચ્ચેની સ્પર્ધા અનિવાર્ય છે, પરંતુ આ સ્પર્ધા યુદ્ધમાં ન પરિણમે તે જોવાની જવાબદારી બંને દેશોના નેતૃત્વની છે. આબોહવા પરિવર્તન, વૈશ્વિક મહામારીઓ અને આર્થિક મંદી જેવા પડકારોનો સામનો કરવા માટે આ બંને મહાસત્તાઓએ કોઈક સ્તરે સહયોગ કરવો જ પડશે. દુનિયા હવે બહુધ્રુવીય બની રહી છે, જ્યાં કોઈ એક દેશ આખી દુનિયા પર હુકમ ચલાવી શકે નહીં. અમેરિકાએ સ્વીકારવું પડશે કે ચીન હવે એક વાસ્તવિકતા છે, જ્યારે ચીને સમજવું પડશે કે વૈશ્વિક નિયમો અને અન્ય દેશોની સાર્વભૌમત્વનો આદર કર્યા વિના તે સાચો વૈશ્વિક નેતા બની શકશે નહીં. ૨૧મી સદી શાંતિપૂર્ણ રહેશે કે સંઘર્ષમય, તેનો આધાર વોશિંગ્ટન અને બેઈજિંગ વચ્ચેના સંબંધોના સંતુલન પર જ રહેશે.

# "કોલેજમાં પ્રવેશ હોય, નોકરી હોય કે રાજકીય ચૂંટણી હોય, આજે જાતિને સૌથી મહત્વપૂર્ણ મુદ્દો બનાવવામાં આવી રહ્યો છે"


(પુષ્પ:૨૩)

## વિચારપૂંજ

સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક
(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ચતુર્થ સરસંઘચાલક શ્રી રજજુભૈયાએ ઈ.સ. ૧૯૯૬ ના વિજયાદશમીના ઉત્સવમાં સ્વયંસેવકોને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, " કોલેજમાં પ્રવેશ હોય, નોકરી હોય કે રાજકીય ચૂંટણી હોય, આજે જાતિને સૌથી મહત્વપૂર્ણ મુદ્દો બનાવવામાં આવી રહ્યો છે. કોઈ પણ જાતિમાં જન્મ લેવો એ માનવીના હાથમાં નથી. પરંતુ પોતાના ગુણોને વધારવા અને પોતાની ક્ષમતાઓ અને શક્તિ વધારવાનું ચોક્કસપણે તેના હાથમાં છે. પરંતુ જ્યારે જાતિનો વિચાર આવે છે ત્યારે બીજા સારા ગુણો દેખાતા નથી. જ્યારે સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો કે શૈક્ષણિક રીતે પછાત લોકોને અનામત આપતી વખતે મલાઈદાર પરત(ક્રિમિલેયર)ને આ સુવિધાથી વંચિત રાખવી જોઈએ. ત્યારે કેરળ વિધાનસભામાં એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો કે રાજ્યમાં અન્ય પછાત વર્ગોમાં કોઈ પણ વ્યક્તિ મલાઈદાર પરત(ક્રિમિલેયર)માં આવતું નથી. જે વ્યક્તિ આઈ.એ.એસ., ડોક્ટર, વકીલ, ઉદ્યોગપતિ, આવકવેરા ભરનાર હોય તે આર્થિક મુશ્કેલીઓને કારણે શિક્ષણથી વંચિત રહી શકે નહીં. તેથી જ્યાં સુધી આપણે આર્થિક ધોરણે અનામતની સુવિધા નહીં રાખીએ ત્યાં સુધી આ સુવિધાઓ વાસ્તવિક ઉપેક્ષિત વર્ગો સુધી પહોંચશે નહીં. આપણે જાણીએ છીએ કે ભારતીય સમાજમાં જાતિના આધારે પછાતપણું છે. સમાજના આ પછાત વર્ગની પ્રગતિ માટે અનામત ઉપયોગી છે. અનામતનો ઉદ્દેશ સામાજિક સૌહાર્દને મજબૂત બનાવવાનો છે. જાતિ આધારિત અનામતને કારણે નિહિત સ્વાર્થી હિતો ઉદ્ભવે નહીં તેની કાળજી લેવી જોઈએ. રાજકીય લોકો મુખ્યત્વે ચૂંટણીના ફાયદા વિશે વિચારે છે માટે તેઓ એવી વ્યવસ્થાની અવગણના કરે છે કે જે વાસ્તવિક પછાત વર્ગોને લાભ આપે છે. ચૂંટણીમાં મલાઈદાર પરત(ક્રિમિલેયર)માં સમાવિષ્ટ પ્રભાવશાળી લોકો પાસેથી મદદ મેળવવા માટે આ બધું કરવામાં આવે છે. જો આપણે રાજકારણીઓમાં સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની ભાવના જાગૃત કરી શકીએ તો તે એક નોંધપાત્ર સફળતા હશે. ભારત એક પ્રાચીન અને મહાન રાષ્ટ્ર રહ્યું છે. હજારો વર્ષોથી તેને જ્ઞાન, સમૃદ્ધિ અને નૈતિકતાનું મોડેલ માનવામાં આવતું રહ્યુછે. તે સ્મૃતિને જાગૃત કરવાની અને આપણા વારસામાં ગર્વની ભાવના જગાડવાની તાત્કાલિક જરૂર છે. ઈજિપ્ત, ઈરાન અને ભારતની પ્રાચીન સંસ્કૃતિઓમાંથી ફક્ત ભારતીય સંસ્કૃતિ જ જીવંત બચી છે. અન્ય બે સંસ્કૃતિઓ ઈસ્લામનો સામનો થતા જ નાશ થઈ ગઈ. ભારતની આ પ્રાચીન શ્રેષ્ઠતા અને વિશેષતાનું નામ હિંદુત્વ છે. તે વિચારોની પરંપરા અને જીવનશૈલી છે. સુપ્રીમ કોર્ટે પણ આ વાત સ્વીકારી છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે આ વાત સમજી અને દેશના નાગરિકોમાં રાષ્ટ્રવાદ, શિસ્ત અને ચારિત્ર્ય કેળવવાની પદ્ધતિ શોધી કાઢી. આજે તે દેશના દરેક ખૂણામાં શાખાઓના રૂપમાં લોકપ્રિય છે. અમારું માનવું છે કે શાખા પ્રણાલી દ્વારા જ અનેક બંધુઓમાં આ શ્રેષ્ઠ ગુણોનો વિકાસ થયો છે. સરળ કાર્યક્રમો જ્યારે નિષ્ઠા અને વિશ્વાસ સાથે કરવામાં આવે છે ત્યારે અદભૂત પરિણામો આપે છે. આપણા દેશના ઈતિહાસમાં આપણે વાંચ્યું છે કે, અજામિલે પોતાના પુત્રનું નામ નારાયણ રાખ્યું હોવાથી તેને નારાયણનો જાપ કરવાની આદત પડી ગઈ અને મહર્ષિ વાલ્મિકી ધીરે ધીરે જપતા -જપતા રામાયણના લેખક બની ગયા. ભગવા ધ્વજ પર ભારતનો આખો ઈતિહાસ અંકિત છે. તે પ્રાચીન પ્રતિકની છત્રછાયામાં ભારત માતાની મૂર્તિ હૃદયમાં સ્થાપિત કરીને જ્યારે સ્વયંસેવક પ્રાર્થના કરે છે ત્યારે તો ખૂબ જ ઊંડો આધ્યાત્મિક પ્રભાવ પડે છે. આપણે પંજાબ અને કાશ્મીરના સ્વયંસેવકો દ્વારા આપણા બંધુઓને બચાવવા માટે પોતાનો જીવ જોખમમાં નાખવાના અહેવાલો સાંભળ્યા છે. સ્વાર્થ અને સગવડના આધારે કોઈનામાં દેશભક્તિ અને બલિદાનની ભાવના જાગૃત કરી શકાતી નથી. નેતાઓ ક્યારેય એમ કહેતા થાકતા નથી કે, કાશ્મીર ભારતનો અભિન્ન ભાગ છે અને તેમને હજારો કરોડ રૂપિયાનું આર્થિક પેકેજ આપીને તેમની દેશભક્તિ જાગૃત કરવા માંગે છે. જો આજ સુધી ૯૦,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ કર્યા પછી અને ૯૦,૦૦૦ સૈનિકો અને નાગરિકોની હત્યા પછી પણ કાશ્મીરનું એકીકરણ પૂર્ણ થઈ શક્યું નથી તો પછી આ નવા પ્રયાસોની પણ એ જ સ્થિતિ થવાની છે. કલમ ૩૭૦ ને કારણે કાશ્મીર પોતાને અન્ય રાજ્યોથી અલગ માને છે અને આ તફાવત માટે કોઈ સચોટ માન્ય કારણ આપી શકાતું નથી. દરેકના મનમાં એક માત્ર કારણ એ આવે છે કે તે મુસ્લિમ બહુમતી છે.

ભગવાન શ્રી રામ રાષ્ટ્રીય અસ્મિતાના પ્રતીક છે. ભગવાન શ્રી રામનો આપણા સામાજિક જીવન પર ઊંડો પ્રભાવ છે. આપણે આ વાત ઘણા ગ્રંથો, પુસ્તકો અને લોકકથાઓ દ્વારા જાણી શકીએ છીએ. ૬ ડિસેમ્બર ૧૯૯૨ ના રોજ બાબરી વિધ્વંસ પછી હિન્દુ સમાજને ખરેખર તેના સાર અને ઓળખનો એહસાસ થયો."

આ રીતે સરસંઘચાલક તરીકે શ્રી રજજુ ભૈયાએ તેમના બૌદ્ધિકમાં આપણે રાષ્ટ્રવાદની ભાવના સમજવાની સાથે સાથે આપણી સંસ્કૃતિ અને જીવન મૂલ્યો પર આપવું પડશે એ વાત ઉપર સવિશેષ ભાર મૂક્યો હતો. તેમણે સંઘનું નેતૃત્વ કર્યું તે સમયગાળો હિન્દુ હિતોને મહત્વ આપતી પરિસ્થિતિઓ અને હિન્દુ સંસ્કૃતિનો વિરોધ કરતી પરિસ્થિતિઓ બંનેમાંથી પસાર થઈ રહ્યો હતો. આ વિકટ પરિસ્થિતિમાં પણ રજજુ ભૈયાએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સૌ સ્વયંસેવકોમાં ભરપૂર ઉર્જાનો નવસંચાર કર્યો હતો.

# "સંબંધોને ટકાવવા માટે અટકળ કે અનુમાન નહીં, સંવાદ જરૂરી છે."

## મનન ચિંતન



ભરત બાવીશી


માનવ જીવનમાં સંબંધોનું ખૂબ જ મહત્વ છે. સંબંધો વિશ્વાસ, લાગણી અને સમજણના આધાર પર ટકતા હોય છે. પરંતુ ઘણી વખત આપણે કોઈ વ્યક્તિના શબ્દો, વર્તન અથવા પરિસ્થિતિ વિશે સંપૂર્ણ સત્ય જાણ્યા વગર જ મનમાં કોઈ ધારણા ધારી લઈએ છીએ. આ અનુમાન ધીમે ધીમે ગેરસમજમાં અને પછી અંતરમાં ફેરવાઈ જાય છે. તેથી જ કહેવાય છે કે "અનુમાન કરવું કે ધારી લેવા કરતા પૂછી લેવું અને સમજી જવું સારું."

આજના સમયમાં મોટાભાગના મતભેદોના મૂળમાં ગેરસમજ હોય છે અને ગેરસમજનું મુખ્ય કારણ છે "અપૂર્ણ માહિતી પરથી લીધેલો નિર્ણય." માણસે સાંભળેલી અડધી વાત, જોયેલી અડધી ઘટના અથવા પોતાના મનના વિચારોના આધારે આખી કહાની બનાવી નાખે છે. પરિણામે સંબંધોમાં કડવાશ આવે છે. એક સરળ ઉદાહરણ જોઈએ તો,એક ઓફિસમાં બે સારા મિત્રો સાથે કામ કરતા હતા. એક દિવસ એક મિત્રએ બીજા મિત્રનો ફોન ઉઠાવ્યો નહીં. બીજા મિત્રએ તરત મનમાં વિચાર્યું કે હવે તે મને અવગણવા લાગ્યો છે. બીજા દિવસે ઓફિસમાં પણ વાત ઓછી થઈ. મનમાં ગેરસમજ વધતી ગઈ. થોડા દિવસ પછી ખબર પડી કે ફોન ન ઉઠાવનાર મિત્રની માતાની તબિયત ગંભીર હતી અને તે હોસ્પિટલમાં હતો. તે માનસિક તણાવમાં હોવાથી કોઈ સાથે વાત કરી શક્યો નહોતો. જો પહેલા જ દિવસે એકવાર પૂછી લીધું હોત "બધું ઠીક છે ને?" તો ગેરસમજ ઉભી જ ન થાત. આ નાનકડું ઉદાહરણ બતાવે છે કે અનુમાન ઘણી વખત હકીકતથી બહુ દૂર હોય છે. પારિવારિક જીવનમાં પણ આવું બને છે.ઘણા ઘરોમાં પતિ-પત્ની, માતા-પિતા અને સંતાનો વચ્ચેના મતભેદોનું કારણ પણ ગેરસમજ જ હોય છે. કોઈ વ્યક્તિ મૌન રહે તો આપણે ધારી લઈએ કે તે ગુસ્સામાં છે અથવા અભિમનમાં છે, કોઈ વ્યસ્ત હોય તો માની લઈએ કે તેને આપણું મહત્વ નથી. પરંતુ, હકીકતમાં કદાચ તે વ્યક્તિ કોઈ ચિંતા કે જવાબદારીમાં હશે. એક પિતાએ પોતાના દીકરાને પૂછ્યા વગર જ ધારી લીધું કે હવે દીકરો મોટો થઈ ગયો છે એટલે તેને પરિવાર માટે લાગણી નથી રહી. પરંતુ જ્યારે વાતચીત થઈ ત્યારે ખબર પડી કે દીકરો પોતાની જવાબદારીઓ અને કારકિર્દીના દબાણ વચ્ચે પરિવારને વધુ સારી સુવિધા આપવા માટે મહેનત કરી રહ્યો હતો.અહીં સમજણે સંબંધ બચાવ્યો ગણાય.અનુમાન કેમ ખતરનાક છે? એક પ્રચલિત વાર્તા સૌએ સાંભળી જ હશે કે એક પરિવારમાં નોળિયો પાળેલો હતો, તે કુટુંબને વફાદાર હતો.એક વાર તે ઘરની સ્ત્રી પોતાના બાળકને સુવાડીને પાણી ભરવા ગઈ હતી.એ દરમ્યાન એક સાપ આવીને બાળક ની નજીક જતો હતો , ત્યારે નોળિયાએ સાપને મારી નાખ્યો , લડાઈ દરમ્યાન નોળિયાના મુખ પર લોહીના ડાઘ પડી ગયા હતા.સ્ત્રી પાણી ભરીને આવી અને જોયું તો નોળિયાનું મો લોહીવાળું હતુ, તરત જ ઉતાવળમાં ખોટું અનુમાન બાંધ્યું કે નોળિયાએ તેના બાળકને બચકા ભરીને ફાડી ખાધું છે.પાળેલા નોળિયા પર ગલત અનુમાનમાં ક્રોધ ચડ્યો અને ધોકો લઈને તેને મારી નાખ્યો.પછી જોયું તો બાળક તો ઊંઘતુ હતું.સ્ત્રીને આખી વાત સમજાણી તો ખૂબ પસ્તાવો થયો કે પોતે ઉતાવળમાં ખોટું અનુમાન કરીને ખોટો નિર્ણય લીધો હતો. વફાદાર નોળિયાને ખોટી શંકા કરીને મારી નાખ્યો,પછી તો પસ્તાવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો.આ નાનકડી વાર્તા આપણને ઘણું શીખવાડી જાય છે.અનુમાન સત્યને ઢાંકી દે છે,ગેરસમજને જન્મ આપે છે,વિશ્વાસ ઘટાડે છે,મનમાં શંકા જન્માવે છે,સંબંધોમાં અંતર લાવે છે અને મનમાં નકારાત્મક વિચારો વધારે છે,જેના કારણે ખોટા નિર્ણયો લેવાય જાય છે. ઘણી વખત માણસ સામેની વ્યક્તિને સમજવાનો પ્રયત્ન કરતો નથી, માત્ર પોતાના દ્રષ્ટિકોણથી નિર્ણય કરી લે છે. પરંતુ દરેક ઘટનાની પાછળ કોઈ કારણ હોય છે, જે વાતચીતથી કે ધીરજ પૂર્વકની સમજણથી જ જાણી શકાય છે. સંબંધો બચાવવા માટે સંવાદ સૌથી મોટું સાધન છે. એક સરળ પ્રશ્ન "શું થયું?", "તમે ઠીક છો?" અથવા "હકીકત શું છે?" આવા પ્રશ્નો ઘણા સંબંધોને તૂટતા બચાવી શકે છે.સમજદાર વ્યક્તિ ક્યારેય માત્ર સાંભળેલી વાત પરથી નિર્ણય કરતી નથી. તે પહેલા સત્ય જાણવાનો પ્રયત્ન કરે છે. કારણ કે સમજણ સંબંધોને મજબૂત બનાવે છે જ્યારે અનુમાન સંબંધોને નબળા બનાવે છે. અંતિમ સંદેશ એ છે કે,જીવનમાં દરેક વ્યક્તિ પોતાની લડાઈ લડી રહી છે. દરેકના વર્તન પાછળ કોઈ અજાણી પરિસ્થિતિ હોઈ શકે છે. તેથી કોઈ વિશે તરત નિર્ણય લેતા પહેલા તેની સ્થિતિ સમજવાનો પ્રયાસ કરવો જોઈએ. સાચા અને સુંદર સંબંધો માટે માત્ર લાગણી પૂરતી નથી, સમજણ પણ જરૂરી છે. તેથી જ્યારે પણ મનમાં કોઈ શંકા જન્મે, ત્યારે અનુમાન ન બાંધવું, એકવાર પ્રેમથી પૂછી લેવું, કારણ કે ઘણી ગેરસમજનો અંત માત્ર એક સંવાદથી આવી જાય છે.આ રીતે ધારી લેવા કરતા પૂછી લેવાથી શંકાનુ સમાધાન થઈ જાય છે.

**"અનુમાનથી અંતર વધે છે,**
**અને સમજણથી સંબંધો ગાઢ બને છે."**
**"અનુમાન કરીને સંબંધો બગાડવા કરતા,**
**એકવાર પૂછીને સાચું સમજી લેવું વધારે સારું.**
**કારણ કે ઘણી વખત ગેરસમજ શબ્દોથી નહીં,**
**પણ મનમાં ઊભેલા અનુમાનોથી જન્મે છે."**

**ધારી લેવું સહેલું છે,**
**પણ સમજી લેવું સમજદારી છે.**

# પ્રાકૃતિક ખેતી અને જંગલ મોડેલ ફાર્મમાં સફળ ખેડૂત





આજે ખેડૂતો ખેતી છોડી રહ્યા છે. તેના વિભિન્ન કારણો છે. આમ છતા ખેતી સાથે લગાવ ધરાવતા કેલાક જાગૃત ખેડૂતો ખેતીમાં સફળ જઈ રહ્યા છે. માત્ર થોડી જમીનમાં પણ નિયમિત સારી આવક મેળવી રહ્યા છે. ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના પિંગળી ગામના પ્રગતિશીલ ખેડુતશ્રી નારસંગભાઈ લખમણભાઈ મોરીએ આજથી લગભગ ૧૦-૨૦ વર્ષ પહેલા પ્રાકૃતીક ખેતિની શિબિર કૃષિના રૂષિ એવા પ્રફુલભાઈ સેંજલીયાના અધ્યક્ષ સ્થાને મળી હતી. તેના ગયા પછી ખેતીને જીવંત રાખીને સુભાષ પાલેકરજીના આયામો ઉપર ખેતી કરવાની મને પ્રેરણા મળી. ધો-૧૨ સુધીનો અભ્યાસ ધરાવતા નારંસગભાઈ મોરીની ઉંમર ૫૪ વર્ષની છે. અને પ્રાકૃતિક ખેતીના રંગે રંગાયા, ચોમાસામાં, મિશ્ર પાક પધ્ધતિથી વાવેતર કરે છે. જેમાં મગફળીના પાકમાં તલ, દેશી બાજરીની છાંટ અને મકાઈ નાખે છે. મિશ્ર ખેતી પાક પધ્ધતિનો ફાયદો એ છે કે વનસ્પતિ એ સહ જીવનમાં મોટી થાય છે. ઉપરાંત બાજરી, જુવાર, મકાઈ ઉપર પંખીઓ આવે એટલે પાકમાં આવતી ઈયળોનુ નિયંત્રણ થાય છે. ભૂતકાળમાં વડીલો આ પ્રકારે મિશ્ર પાક પધ્ધતિથી ખેતી કરતા હતા.

ઉત્પાદન આવેલા પાકોનુ વેલ્યુએડીશન કરીને વેચાણ કરે છે. જેમાં મગફળીમાંથી તેલ કાઢીને વેચાણ કરે છે. જયારે કાળા તલનું તેલ રૂ.૫૦૦ ના ભાવે કિલોથી વેચાણ કરે છે. જયારે કાળાતલ રૂ.૪૦૦ના ભાવે કિલો વેચાણ કરે છે. આ ઉપરાંત દેશી બાજરી(કાંટાવાળી) તેના ડુંડા ખેડૂતો બિયારણમાં લઈ જાય છે. એક ડુંડાનો ભાવ રૂ.૨૫ મેળવે છે.

શિયાળમાં બંસી ઘઉંનુ વાવેતર કરે છે. અને પોતાના નિયમિત ગ્રાહકો એડવાન્સ બુકીંગ કરાવી દે છે. ગતવર્ષ રૂ.૧૪૦૦ના ભાવથી ૨૦ કિલો ગ્રેડીશ, શોર્ટીંગ, પેકિંગ કરીને વેચાણ કરેલ હતા.

એક એકર જમીનમાં પંચ સ્તરીય જંગલ મોડેલ ફાર્મ ઉભુ કરેલ છે. જેમાં આંબા, લીંબુ, સરગવા, પપૈયા, જામફળ, નાળીયેરી વાવેતર કરેલ છે. જંગલ મોડેલ ફાર્મમાં ખેડાણ કરવામાં આવતુ નથી. દવા છાંટવામાં આવતી નથી અને સંપૂર્ણ ઝેર મુકત ઉત્પાદન મેળવવામાં આવે છે. જમીનમાં કાર્બનયુકત પ્રમાણ જળવાય રહે છે. દેશી ખાતર પૂરતા પ્રમાણમાં મળી રહે છે અને રોગ જીવાત નિયંત્રણ થાય છે. એક એકરના આ મોડેલ ફાર્મમાંથી ખર્ચ કાઢતા ૬થી ૭ લાખની આવક થાય છે. ઉપરાંત આ મોડેલ ફાર્મમાં દેશી સરગવાનું વાવેતર કરેલ છે. જેની શિંગોનો લાંબી અને ભરાવદાર હોય છે. ન્યુટ્રીશન વેલ્યુ હાઈ હોય છે. આ સરગવાનું બિયારણ વર્ષમાં એકાદ લાખુનું વેચાણ કરે છે. આમ નારસંગભાઈ સફળ ખેડૂત છે. તેનો સંપર્ક નં. ૯૪૨૭૭ ૫૨૩૮૧ છે.

## ઝાકળનું એક બિંદુ



હિરેન હિરપરા

## :: તિખારો ::

**સમય, સફળતા અને વિશ્વાસ આ ત્રણેય ઉપર કિંમતનું લેબલ નથી હોતું પણ જ્યારે ગુમાવી દઈએ છીએ ત્યારે તેની સાચી કિંમત સાચા અને સજ્જન માણસોને સમજાય છે બાકી જુઠ્ઠા લોકો તો ઉપરની ત્રણેય બાબત છોડવાની તકની રાહ જોતા હોય છે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતી કાર્યો





કાદાસ માવઠું થાય ટો વેલડી કે અર્ધ વેલડી જાતોનું વાવેતર કરવું ઉભાડી જાતોનું વાવેતર ૧૦ જુન પછી કરવું. ટુંકાગાળાના પાકોનું વાવેતર ૧૫ જુન પહેલા કરવું નહિ, કારણકે કેટલાક વર્ષથી પાછતારા વરસાદ થાય છે. વાવતા પહેલા ઉગાવાના ટકા જાણી લેવા.મુંડા આવતા હોય તો ક્લોરપાયરીફોસ નો પટ્ટ આપીનેજ વાવેતર કરવું.

મગફળી:

● મગફળીની ઉભાડી જાતનું જુનના પ્રથામ અઠવાડિયા પહેલા વાવેતર કરવું નહિ..

● ૨૦ મે પહેલા મગફળીનું વાવેતર કરવું નહિ.

● વરસાદ પ્રથમ જુન પહેલા પડેતો વેલડી તેમજ અર્ધ વેલડી જાતો વાવવી ઉભડી મગફળી અને કોઈ પણ અન્ય ટૂંકા ગાળાના પાકનું વાવેતર ન કરે.

● આગોતરુ વાવેતર કરવા માંગતા ખેડૂતોએ વેલડી જાતો જેવી કે, જીએયુંજી- ૧૦,જીજી-૧૧, જીજી-૧૨, જીજી-૧૩, , જીજેજી -૩૯, ટીપીજી-૪૧ અથવા જીજેજી-૧૭, તેમજ જીજેજી- ૩૨, માહેની કોઈ એક જાતનું વાવેતર કરવુ.

● સમયસરના વરસાદમાં ઉભડી, અર્ધ વેલડી માહેની કોઈપણ પ્રકારની જાતો વાવી શકાય. જેમાં અર્ધ વેલડી જાત જીજી-૨૦, જીજેજી-૨૨ અથવા જીજી-૨૩ ગીરનાર-૪ , ૫ ને પ્રાધાન્ય આપવું.

● વરસાદ ખેંચાય તો ફકત ઉભડી જાતો જીજી-૨, જીજી-૫, જીજી-૭ અથવા જીજેજી-૯, ટીજી-૩૭, જીજી-૩૫ નુ વાવેતર કરવું.

● ડીએપી અને યુરીયા ખાતરને બદલે સીંગલ સુપર ફોસ્ફેટ અને એમોનીયમ સલ્ફેટ ખાતર વાપરવાથી ગંધકની અછત વાળી જમીનમાં અલગથી ગંધકની માવજત આપવી પડતી નથી. કારણ કે સીંગલ સુપર ફોસ્ફેટમાં ૧૬ ટકા ફોસ્ફરસ ઉપરાંત ૧૫ ટકા કેલ્શીયમ, ૨૦ ટકા ગંધક અને જસત તેમજ મોલીબીડેનીયમ જેવા સુક્ષમ તત્વો હોય છે.

● હેકટર દીઠ ૮ થી ૧૦ ટન સારુ ગળતીયુ ખાતર અથવા ૧ ટન દિવેલીનો ખોળ પાયામા આપવા. જો કાચું ખાતર ખેતરમાં નાખશો તો ફૂગ આવવાની શક્યતા રહેશે.

● ખરીફ પાકને હેકટર દીઠ ૧૨.૫ કી.ગ્રા. નાઈટ્રોજન અને ૨૫.૦ કીગ્રા ફોસ્ફરસ તેમજ પોટાશ ૨૦.૦૦ કીગ્રા આપવો. જો રાઈઝોબીયમ કલ્ચરની માવજત કરી હોય તો આ ખાતરો અડધા આપવા.

● જમીનમા ગંધકની ઉણપ હોય તો હેકટરદીઠ ૨૦ કિ.ગ્રા. સલ્ફર આપવુ. ક્ષારીય જમીનમા સેલીનીટી/સોડીસીટીના પ્રશ્નો હોય ત્યાં ખાસ કરીને જીપ્સમનો ઉપયોગ કરવો. જે પાક ફૂલ ઉઘડવાની અવસ્થામા હોય ત્યારે આપવો. જેથી સૂયા બેસતા છોડ ઉપયોગ કરે.કપાસઃ-

● કપાસનું આગોતરું વાવેતર કરવું નહિ .

● વરસાદ પડયો ત્યાં ખેતરમાં નિંદામણ ઉગ્યું હોય તેમાં રાપ ચલાવી જમીન તૈયાર કરાવી.જમીનને તપવા દેવી. વાવેતર જુન માસમાં જ કરવું.

જાતની પસંદગી :

● ભારત સરકાર દ્વારા જુદી જુદી કંપનીની આશરે ૫૦૦થી વધુ બીટી કપાસની જાતોને વાવેતર માટે માન્યતા આપવામાં આવે છે તેમાંથી આપણા વિસ્તારને અનુરૂપ હોય તેવી જાતોની વાવેતર માટે પસંદગી કરવી જોઈએ.

બાગાયત :

આંબોઃ

● ફળમાખીના નિયંત્રણ માટે આંબાવાડી ફરતે તેમજ આંબાવાડીયામાં શ્યામ તુલસીનું વાવેતર કરવું અને તેના ઉપર એપિલ મહિનાથી નિયમીત રીતે કલોરપાયરીફોસ ૨૦ ટકા ઈ.સી. ૨૦ મી.લી. ૧૦ લીટર પાણીમાં મેળવી છંટકાવ કરવો. મિથાઈલ યુજીનોલ ટ્રેપ ૧૫ થી ૨૦ પ્રતિ હેકટર મુકવા.

● આંબામાંથી કેરી ઉતાર્યા પછી આંબાને યોગ્ય માવજત કરાવી.

નાળીયેરી :

જીવાત :- સફેદમાખી (રૂગોસ સ્પાયરેલીંગ વ્હાઈટફ્લાય): સફેદમાખી (રૂગોસસ્પાયરેલીંગ વ્હાઈટ ફ્લાય)ની પાંખો ભૂરાશ પડતા સફેદ રંગની અને તેના પર ભૂખરા રંગના ડાઘા આવેલા હોયછે.. આ જીવાતના પુખ્ત કિટક સામાન્ય સફેદ માખી કરતાં ત્રણ ગણા મોટા અને સુસ્ત હોય છે. આ જીવાતનાં બચ્ચા તથા પુખ્ત કિટક નાળીયેરીના પાનમાંથી રસ ચૂસીને નુકસાન કરે છે. ઉપદ્રવ વધારે હોય ત્યારે શરૂઆતમાં પાંદડાં પીળા પડી જાય છે ત્યારબાદ ઉપદ્રવ વધતા પાંદડાં કાળા થઈને સુકાય જાય છે જેને લીધે નાળીયેરીના ઉત્પાદન પર માઠી અસર જોવા મળે છે. સંકલિત વ્યવસ્થાપનઃ

● બગીચામાંચોખ્ખાઈ રાખવી અને રોગકારક કે જીવાત વાળા ધરુંનું પ્રત્યારોપણ ન કરવું.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

● જીવાતોની મોજણી માટે પીળા ચીકણાં પીંજર (૧૫ટ્રેપ/એકર) ઝાડનાં થડપરલગાવવા.

● ઉપદ્રવિત પાનને કાપી તેનો નાશ કરવો જોઈએ.

● દાળિયા, લીલી ફૂદડીના સંવર્ધનના ઉપાયો કરવાથી આ જીવાતનું નિયંત્રણ કરી શકાય છે.

● જૈવિક જંતુનાશક દવાઓ જેવીકે બ્યુવેરીયા બાસીયાના ૧.૧૫વે. પા .૮૦ગ્રામ નોછંટકાવ૧૦ દિવસના અંતરે કરી શકાય. નાળીયેરીના પાનપર કાળી ફૂગના વિકાસને અટકાવવા માટે૧% સ્ટાર્ચનું દ્રાવણનો છંટકાવ કરી શકાય.

● વધુપડતો ઉપદ્રવહોયતો જ રસાયણિક દવાનો ઉપયોગ કરવો જોઈએ.પ્રાથમિક અખતરાઓને આધારે ડાયફેન્થીયુરોન ૫૦ ડબ્લ્યુપી (૧૦ગ્રામ/૧૦લીટર) અથવા સ્પાયરોમેસીફેન ૨૨.૯એસસી (૧૦ મિલી/૧૦લીટર) અથવા પાયરીપ્રોક્ષીફેન + બાયફેન્થ્રીન (૨૦%) ૧૨-૧૫ મિલી પ્રતિ પંપમાં થીકોઈ પણ એક રાસાયણિક દવા પાણીમાં ભેળવી સમગ્ર ઝાડ આવરીલેવાય તેરી તેછંટકાવ કરી શકાય.

આટલુ કારો.

● આગલા-પાછલા/આંતરપાકની પસંદગીઃ જો આગલા કે આંતરપાક તરીકે કઠોળ વર્ગના પાકની પસંદગી કરી હોય તો નાઈટ્રોજનયુકત ખાતરો ઓછા પ્રમાણમાં જોઈશે, પરંતુ અગાઉ જુવાર, મકાઈ કે ઘાસચારા જેવા પાકની પસંદગી કરેલ હોય તો તે પછીના પાકમાં ખાતરનું પ્રમાણ વધારે રાખવું પડે.જમીન ચકાસણી કરાવવાથી આપણી જમીનમાં જુદા જુદા પોષક તત્વોનું પ્રમાણ અને કોઈ તત્વની ઉણપ છે કે કેમ તે જાણી શકાય અને હોય તો નિવારણના ઉપાયો કરી શકાય.

● ખરીફમાં લેવામાં આવનાર પાકોનું આગોતરું આયોજન કરવું.

● પાકની પસંદગી બાદ આપણા વિસ્તાર, જમીન અને વાતાવરણ અનુરૂપ ભલામણ થયેલ તથા વધુ ઉત્પાદન આપતી જાતની પસંદગી કરવી.



● હંમેશા સરકારી કંપની દ્વારા બનાવેલ રાસાયણિક ખાતર વાપરવાનો જ આગ્રહ રાખવો. રાસાયણિક ખાતર ભેજરહિત અને વજન ચકાસણી કરીને ખરીદવું. તેમજપાકભલામણ મુજબ રાસાયણિક ખાતરની ખરીદી કરવી અને પાકું બીલ ખેડૂત/મિત્રોએવિક્રેતા પાસેથી લેવું.

● રોગ-જીવાત સામે પ્રતિકાર ધરાવતી જાત પસંદગી કરવી.

● બિયારણ ખરીદતી વખતે પેકિંગ સાઈઝ,વજન,જાતનું નામ, સર્ટીફાઈડ ટેગ, ભાવઅને ભેજ રહિત છે કે નહી તે ચકાસણી કરીને લેવું. તેમજ પાકું બીલ વિક્રેતા પાસેથી લેવું. તેમાં પોતાનું નામ બિયારણનો પાક, જાત, લોટનંબર,વજન અને ભાવ યોગ્ય જગ્યાએ લખાયેલ છે તેનો વિક્રેતા પાસે આગ્રહ રાખવો.



● જંતુનાશક દવા ખરીદતી વખતે પાકમાં આવતાં રોગ-જીવાત માટે ભલામણ કરેલ દવાનું વિક્રેતા પાસેથી ખરીદી કરવી. તેમજ જંતુનાશક દવા એક્ષપાયર થયેલ છે કે નહી તે ચકાસણી કરવી તેમજ જંતુનાશક દવાનું પાકું બીલ લેવું જેમાં ખેડૂતનું નામ,ગામ, જંતુનાશક દવાનું નામ, બેચનંબર,પેકિંગ સાઈઝ, વજન/લીટર, ભાવ બીલમાં યોગ્ય જગ્યાએ લખાવવા.

● ખરીફ સીઝનની શરૂઆત થતાં પહેલાં આપણા વિસ્તાર, જમીન અને વાતાવરણને અનુકુળ પાક પસંદગી કરવી.

● ક્ષાર સહનસીલ પાકો :- જુવાર ટમેટા રીંગણા અને ભીંડો.

● ક્ષાર સંવેદન સીલ પાકો :- શેરડી,શાકભાજી,આંબો.

જમીનની ફળદ્રુપતા વધારવીઃ

● એકલા પાકનું વાવેતર ન કરતાં આંતરપાક તરીકેકઠોળ વર્ગનાં પાકોનું વાવેતર કરવુ જોઈએ.

● જૈવિક કલ્ચવરો જેવા કે એઝેટોબેકટર,રાઈઝોબીયમ કલ્ચરર, ફોસ્ફી બેકટેરિયા(પીએસબી),પોટાશ બેકટેરિયા (કેએસબી) અને જીવામૃતનો ઉપયોગ કરવો જોઈએ.

● શકય હોય તો ચોમાસામાં શણ અને ઉનાળામાં ઈકકડનો લીલો પડવાશ કરવો જોઈએ.

● પાકની ફેરબદલી કરવી જોઈએ.

● દેશી છાણિયુ ખાતર/સેન્દ્રીય ખાતર/વર્મીકમ્પોસ્ટક/દિવેલીનો ખોળ/મરઘા બતકાની ચરક વગેરે ખાતરો ભલામણ મુજબ જમીનમાં ઉમેરવા જોઈએ.

પશુઓ માટે મિનરલ મિક્ષ્ચર :

● મિનરલ મિક્ષ્ચર એટલે ખનીજ તત્વોનું મિક્ષણ જેમાં પશુઓના શરીરમાં જરૂરી એવા બધા જ ખનીજ તત્વો યોગ્ય માત્રામાં ઉપલબ્ધ હોય છે ખનીજ તત્વોનું યોગ્ય પ્રમાણ ખુબ જ મહત્વનું છે. જે પશુઓના શરીરના વિકાસતેની, તેથી કાર્યક્ષમતામાં અને તેની પ્રજનન ક્રિયામાં પણ મહત્વનો ભાગ ભજવે છે.

# નાનું એવું ફળ, રાયણ

ઉનાળાની શરૂઆત થાય એટલે બજારમાં કેરી, લીચી, તરબૂચ અને શક્કર ટેટી જેવાં ફળો જોવા મળે છે. પણ આ બધાની વચ્ચે એક એવું ફળ પણ છે જેને બહુ ઓછા લોકો ઓળખે છે. એ છે ખીરની, જેને ઘણા વિસ્તારોમાં રાયણ નામે પણ ઓળખવામાં આવે છે. આ ફળ સામાન્ય રીતે એપ્રિલથી જૂન વચ્ચે જ બજારમાં જોવા મળે છે, એટલે તેની સીઝન બહુ નાની હોય છે.

રાયણ વૃક્ષને શુભ મનાતુ હોવાથી શુભ પ્રસંગે ગુજરાતી પરિવારો તેના ઘરના ઉંબરે રાયણની ડાળી બાંધે છે.રાયણનું વૃક્ષ જમીનમાંથી સૌથી વધારે પોષકતત્વો લેતુ હોવાથી તેના ફળમાં રોગપ્રતિકારક શક્તિ ખૂબ જ હોય છે. છાંયડો આપતુ ઘટાદાર આ વૃક્ષ તેમજ કોઠાના વૃક્ષો શહેરમાંથી લુપ્ત થઈ રહ્યા છે. ઉનાળાની સીઝનમાં આવતું આ ફળ સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. લીમડાની લીંબોળી જેવું દેખાતું આ ફળ કેટલાય પ્રકારના મલ્ટીવિટામિન અને એન્ટી ઓક્સિડેંટ્સથી ભરપૂર હોય છે.

તેના ઠળીયામાંથી તેલ કાઢવામાં આવે છે. તો વળી તેના લાકડાના પણ અઢળક ફાયદા છે. રાયણ નામનું આ ફળ સીતાફળ જેવું હોય છે. તે કેન્સર અને આંચકીમાં કારગર સાબિત થાય છે. આ ફળ મહારાષ્ટ્ર અને ગુજરાત સહિત અનેક જગ્યાએ વગડામાં જોવા મળે છે. તેના ઝાડ રાજસ્થાનમાં પણ જોવા મળે છે.

રાયણ ફળના મુખ્ય ફાયદાઃ

● રાયણ ખાવાથી ઈમ્યૂનિટી મજબૂત બને છે રાયણની તાસીર ઠંડી હોવાથી તે શરીરને આંતરિક ઠંડક પ્રદાન કરે છે. આ ફળ કેટલીય બીમારીઓથી બચાવે છે. રાયણમાં વિટામિન સીની વધારે માત્રા હોય છે અને ચહેરા પર તેનાથી ચમક આવે છે. બોડી ફ્રી રેડિકલના કારણે થતાં નુકસાનથી બચાવે છે. રાયણના પાનનો ઉપયોગ મુખ પરના કાળા ડાઘ મટાડવા માટે દૂધ સાથે વાટીને કરી શકાય છે

● રાયણ દાંત માટે લાભદાયી માનવામાં આવે છે. તેમાં કેલ્શિયમ, ફોસ્ફરસ અને અન્ય મિનરલ્સ હોય છે, જે દાંત અને હાડકાંને મજબૂત બનાવવામાં મદદ કરે છે. પરંપરાગત માન્યતા પ્રમાણે, તેના સેવનથી મસૂડા પણ મજબૂત થાય છે. ગ્રામ્ય વિસ્તારોમાં તેને દાંતની તંદુરસ્તી માટે ઉત્તમ ફળ માનવામાં આવે છે.

● ઉનાળામાં શરીર ઝડપથી થાકી જાય છે. આવી સ્થિતિમાં રાયણ કુદરતી સુગર અને પોષક તત્વો હોવાને કારણે શરીરને ઊર્જા પૂરી પાડે છે. તેને ખાવાથી તાજગી અનુભવાય છે.

● રાયણમાં ફાઈબર હોય છે, જે પાચનક્રિયા સુધારવામાં મદદરૂપ છે. મર્યાદિત માત્રામાં ખાવાથી પેટ હલકું રહે છે અને કબજિયાત જેવી સમસ્યામાં રાહત મળે છે. આ ફળ ચીકણું હોય છે અને ઝાડા (diarrhea) બંધ કરવામાં મદદ કરે છે. આ ફળમાં વિટામિન અને એન્ટીઑક્સિડન્ટ તત્વો પણ હોય છે, જે શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે.આ ફળ કેન્સર અને આંચકી જેવી ગંભીર બીમારીઓમાં રોગપ્રતિકારક શક્તિ વધારીને રક્ષણ આપે છે.

ખાસ નોંધઃ રાયણનું ફળ પચવામાં ભારે હોય છે, તેથી તેનું સેવન મર્યાદિત પ્રમાણમાં કરવું હિતાવહ છે

કેવી રીતે ખાવું રાયણ?: રાયણ પાકી જાય પછી સીધી ખાઈ શકાય છે. તેનો સ્વાદ મીઠો અને હળવો મલાઈદાર હોય છે. કેટલાક લોકો તેને ઠંડા કરીને પણ ખાવા પસંદ કરે છે. તેનું શેક અથવા દેશી મીઠાઈઓમાં પણ ઉપયોગ થાય છે. રાયણ આખું વર્ષ સરળતાથી મળતું નથી, એટલે તેને સીઝન આવે એટલે લોકો બજારમાં શોધવા લાગી જાય છે. સ્વાદ, મર્યાદિત ઉપલબ્ધિ અને આરોગ્યલક્ષી ગુણધર્મોને કારણે આ ફળ ખાસ માનવામાં આવે છે.

નોધઃ-આ આર્ટિકલમાં આપેલી સલાહ સામાન્ય જાણકારી માટે છે, કોઈ પણ સલાહ સૂચન પર અમલ કરતા પહેલા ડોક્ટર્સનો સંપર્ક કરવો)

શ્રીમતી હિનાબેન એમ. પટેલ, વિષય
નિષ્ણાત- હોમ સાયન્સ
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જી. પાટણ

# ભારતમાંથી ફળોના નિકાસ કરવા અને વિદેશી હૂંડિયામણ કમાવવા અંગે ખેડૂતમિત્રોને સચોટ માર્ગદર્શન




નિકાસ પ્રક્રિયા :(એકસપોર્ટ પ્રોડયુસર) ફળોના નિકાસ માટે ખુબ અગત્યની પ્રક્રિયા નીચે મુજબ છેઃ

૧. ખરીદનાર શોધવ (Buyer Identification), નિકાસ પ્રક્રિયાનો પ્રથમ અને મહત્વપૂર્ણ પગલું ખરીદનાર શોધવાનું છે. આંતરરાષ્ટ્રીય બજારમાં વિશ્વસનીય ઈમ્પોર્ટર અથવા ગ્રાહક શોધવા માટે ટ્રેડ ફેયર, ઓનલાઈન પ્લેટફોર્મ, એક્સપોર્ટ પ્રમોશન એજન્સીઓ અને બિઝનેસ નેટવર્કનો ઉપયોગ થાય છે. ખરીદનારની વિશ્વસનીયતા, ચુકવણી ક્ષમતા અને બજાર માંગનું મૂલ્યાંકન કરવું જરૂરી છે, જેથી સુરક્ષિત અને સફળ વેપાર શક્ય બને.

૨. APEDA ની માન્યતા મેળવવી. એપેડા ભારત સરકારની સંસ્થા છે જે કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ ઉત્પાદનોના નિકાસને પ્રોત્સાહન આપે છે. તે નિકાસકારોને રજીસ્ટ્રેશન માર્ગદર્શન. તાલીમ અને સહાય આપે છે. ગુણવત્તા ધોરણો. પેકિંગ લેબલિંગ અને ટ્રેસેબિલિટી સિસ્ટમ માટે માર્ગદર્શન આપે છે જેથી આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય ફળોની માંગ અને વિશ્વસનીયતા વધે. ગુણવત્તા તપાસ અને ગ્રેડિંગ.

૩, IEC (ઈમ્પોર્ટ એક્સપોર્ટ કોડ) ભારતમાંથી કોઈપણ માલની આયાત-નિકાસ કરવા માટે ફરજિયાત ૧૦ અંકનો અનન્ય કોડ છે. જે DGFT (Directroate General of Froeign Trade) (ઓનલાઈન https://www.left.com.in વેબસાઈટ પર થી મેળવી શકાય છે.) દ્વારા આપવામાં આવે છે. નિકાસ શરૂ કરવા માટે IEC જરૂરી છે. આ કોડ વગર કોઈપણ વ્યક્તિ કે સંસ્થા આંતરરાષ્ટ્રીય વેપાર કરી શકતી નથી. IEC એકવાર મેળવ્યા પછી જીવનભર માન્ય રહે છે અને તેમાં કોઈ રિન્યુઅલની જરૂર નથી.

ડો. જે. એસ. પરસાણા, ડો. શિવાની આર. પટેલ અને ડો. ડી. એસ. હિરપરા
કૃષિ મહાવિદ્યાલય, જુ.કૃ.યું.,
જામનગર (હાલઃ તરઘડીયા)

૪. ઈન્ડોટર્મ્સ નક્કી કરવ- INCOTERMS એટલે International Commercial Terms, જે આંતરરાષ્ટ્રીય વેપારમાં ખરીદનાર અને વેચનાર વચ્ચે જવાબદારીઓ નક્કી કરે છે. તેમાં માલનો ખર્ચ. ટ્રાન્સપોર્ટ, ઈન્સયોરન્સ અને જોખમ કોના પર રહેશે તે સ્પષ્ટ થાય છે. સામાન્ય ઈન્કોટમર્સમાં FOB (Free on Board), CIF (Cost, Insurance and Freight) અને EXW (Ex Wroks) સમાવેશ થાય છે, જે નિકાસ પ્રક્રિયા સરળ અને પારદર્શક બનાવે છે.

૫. પેકિંગ (Exprot standard packaging) કરતી વખતે ખાસ કાળજી રાખવી. નિકાસ માટે ફળોને યોગ્ય રીતે પેક કરવું ખૂબ જ જરૂરી છે. મજબૂત અને હવા પસાર થાય તેવી પેકિંગ સામગ્રીનો ઉપયોગ થાય છે જેથી ફળોને નુકસાન ન થાય. આંતરરાષ્ટ્રીય ધોરણ મુજબ ગ્રેડિંગ, લેબલિંગ અને બારકોડિંગ કરવામાં આવે છે, જેથી ગુણવત્તા જળવાય અને સરળ ટ્રેકિંગ શક્ય બને

૬. કોલ્ડ સ્ટોરેજ અને ટ્રાન્સપોર્ટની વ્યવસ્થા કરવી. ફળોની તાજગી જાળવવા માટે કોલ્ડ સ્ટોરેજ અને રેફ્રિજરેટેડ ટ્રાન્સપોર્ટનો ઉપયોગ થાય છે. યોગ્ય તાપમાન અને ભેજ નિયંત્રણથી ફળો લાંબા સમય સુધી સારા રહે છે અને નિકાસ દરમિયાન બગાડ ટાળવામાં મદદ મળે છે.

૭. કસ્ટમ ક્લિયરન્સની પ્રક્રિયા કરવી. નિકાસ પહેલા માલ કસ્ટમ વિભાગ દ્વારા તપાસવામાં આવે છે. જરૂરી દસ્તાવેજો ડ્યુટી અને નિયમોનું પાલન કર્યા બાદ કસ્ટમ ક્લિયરન્સ મળે છે. આ પ્રક્રિયા દ્વારા ખાતરી થાય છે કે માલ કાયદેસર રીતે નિકાસ માટે તૈયાર છે.

૮. શિપમેન્ટ અને ડોક્યુમેન્ટેશન (Invoice, Packing List, Bill of Lading) માટે દસ્તાવેજ બનાવવા જરૂરી છે. નિકાસ માટે જરૂરી દસ્તાવેજોમાં Invoice, Packing List Bill of Lading મુખ્ય છે. શિપમેન્ટ દરમિયાન આ દસ્તાવેજો માલની વિગતો. માલિકી અને પરિવહન માહિતી દર્શાવે છે. યોગ્ય ડોક્યુમેન્ટેશનથી નિકાસ પ્રક્રિયા સરળ બને છે અને કોઈપણ વિલંબ ટાળવામાં મદદ મળે છે.

ફાળો પેકિંગ કર્યા બાદ ખેડૂત મિત્રોએ શરૂઆતમાં આગળની તમમાં પ્રકીયા કસ્ટમ હાઉસિંગ એજન્ટ (CHA) મારફત પણ કરાવી શકાય છે.

ગુણવત્તા જાળવણી (Quality Maintenance)

દરેક દેશની માંગણી અને ગાઈડલાઈન્સ પ્રમાણે અલગ અલગ ગુણવત્તા જાળવણીની ટ્રીટમેન્ટ આપવાની હોય છે જેની માર્ગદર્શન APEDA દ્વારા મેળવી શકાય છે.

હોટ વોટર ટ્રીટમેન્ટ (Hot Water Treatmen)

વેપર હીટ ટ્રીટમેન્ટ (VHT)

ઈરેડિએશન

ટ્રેસેબિલિટી સિસ્ટમ

અમેરિકા માટે Hot Water Treatment, જાપાન માટે Vapour Heat Treatment અને યુરોપ માટે Traceability જરૂરી છે. હલાલ પ્રમાણપત્ર એ ખાતરી આપે છે કે ફૂડ પ્રોડક્ટ ઈસ્લામિક નિયમો મુજબ તૈયાર અને પ્રોસેસ થયેલ છે. ફળો સ્વાભાવિક રીતે હલાલ હોય છે, પરંતુ પ્રોસેસિંગ, પેકિંગ અને હેન્ડલિંગ દરમિયાન હલાલ ધોરણોનું પાલન જરૂરી છે. ખાસ કરીને મધ્ય પૂર્વ દેશોમાં નિકાસ માટે હલાલ પ્રમાણપત્ર મહત્વપૂર્ણ છે, જેથી બજારમાં સ્વીકાર્યતા વધે છે.

નિષ્કર્ષઃ-

ભારતમાંથી ફળોના નિકાસમાં વિશાળ સંભાવનાઓ છે. યોગ્ય ટેક્નોલોજી, ગુણવત્તા નિયંત્રણ અને આંતરરાષ્ટ્રીય નિયમોનું પાલન કરીને ખેડૂત અને ઉદ્યોગકારો મોટી આવક મેળવી શકે છે. ફળોના નિકાસ દ્વારા દેશના આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન મળી શકે છે.

# અમરેલી તાલુકાના માળીલા ગામે નૂતન પંચાયત ભવનનું લોકાર્પણ

અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લામાં ગ્રામીણ સુવિધાઓને વધુ સુદ્રઢ બનાવવાના ભાગરૂપે રાજ્યના ઊર્જા અને કાયદો રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા. મંત્રી એ અમરેલીના માળીલા ગામે નવનિર્મિત પંચાયત ભવનનું લોકાર્પણ કર્યું હતું, તેમજ



બરવાળા બાવીશી મુકામે રૂ. ૨૫ લાખના ખર્ચે બનનારા બરવાળા-ઢોલરવા માર્ગના કોઝ-વેનું ખાતમુહૂર્ત કર્યું હતું.આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અમરેલી જિલ્લાને જળસિંચન અને કૃષિ વિકાસ માટે અનેક ભેટ મળી છે. વિધાનસભાના ૧૧૫ ગામોમાં તળાવ ઊંડા કરવાનું અભિયાન ચાલી રહ્યું છે. આ ઉપરાંત, ખેડૂતો માટે ઉપયોગી 'સનેડા'ની ખરીદી પર અપાતી સબસિડી વધારીને હવે રૂ. ૬૦,૦૦૦ થી રૂ. ૭૫,૦૦૦ સુધી કરવામાં આવી છે. સ્થાનિક સરપંચએ મંત્રીનો આભાર માનતા જણાવ્યું હતું કે, ગામમાં અત્યાર સુધીમાં અંદાજિત રૂ. ૪ કરોડના વિકાસકામો મંજૂર કરાયા છે, જેનાથી ગ્રામીણ સુખાકારીમાં નોંધપાત્ર વધારો થયો છે.

# કૌશિક વેકરિયાના હસ્તે રૂ. ૪૪.૦૯ કરોડના ખર્ચે ખોડીયાર કેનાલ નેટવર્કના નવીનીકરણનો પ્રારંભ

અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લાના ખેડૂતોને સુદ્રઢ સિંચાઈ સુવિધા પૂરી પાડવા માટે રાજ્યના ઊર્જા અને કાયદો રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે ખોડીયાર સિંચાઈ યોજનાની કેનાલના સમારકામ અને નવીનીકરણની કામગીરીનો પ્રારંભ કરાયો છે.

રૂ. ૪૪.૦૯ કરોડના અંદાજિત ખર્ચે ૯૩ કિલોમીટર લાંબી કેનાલના લાઈનીંગ અને



સ્ટ્રક્ચરોના આધુનિકીકરણના કામો કુલ ૬ પેકેજમાં હાથ ધરાશે. આ યોજનાથી જિલ્લાના ૧૮ ગામોના ૯,૮૬૪ હેક્ટર સિંચાઈ વિસ્તારને સીધો લાભ મળશે.

પ્રથમ તબક્કામાં મેઈન કેનાલ સંબંધિત પેકેજ-૧, ૨ અને ૩ હેઠળ રૂ. ૧૨ કરોડના કામો શરૂ કરવામાં આવ્યા છે, જ્યારે આગામી સમયમાં માઈનોર કેનાલના પેકેજ-૪ થી ૬ના કામો હાથ ધરાશે. મંત્રીશ્રીએ જણાવ્યું કે આ નવીનીકરણથી પાણીનો બગાડ અને લીકેજ અટકશે, જેથી ખેડૂતોને સમયસર પાણી મળતા કૃષિ ઉત્પાદન વધશે.

આ પ્રસંગે સ્થાનિક પદાધિકારીઓ, જિલ્લા/તાલુકા પંચાયતના સભ્યો અને સિંચાઈ વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર ઉપસ્થિત રહ્યા હતા.

# પશ્ચિમ એશિયાના તણાવ વચ્ચે ૨૦,૦૦૦ ટન LPG લઈને વિદેશી જહાજ 'સિમી' કંડલા પોર્ટ પહોંચ્યું


મુંબઈ, તા.૧૭

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે ભારત માટે રાહતના સમાચાર આવ્યા છે. માર્શલ આઈલેન્ડ્સના ધ્વજવાળું અને કતારથી રાંધણ ગેસ લઈને નીકળેલું ટેન્કર 'સિમી' વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી હોર્મુઝની ખાડી સુરક્ષિત રીતે પાર કરીને ગુજરાતના કંડલા પોર્ટ પર પહોંચી ગયું છે. આ જહાજ આશરે ૨૦,૦૦૦ ટન LPGનો જથ્થો લઈને આવ્યું છે. અહેવાલો અનુસાર, યુદ્ધની આ પરિસ્થિતિ વચ્ચે પર્શિયન ગલ્ફના અશાંત વિસ્તારમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવેલું ભારત તરફનું આ ૧૫મું જહાજ છે. આ અગાઉ 'એમવી સનશાઈન' જહાજ પણ સુરક્ષિત રીતે હોર્મુઝ પાર કરી ચૂક્યું છે. ભારતીય નૌસેના સહિત દેશની વિવિધ સંરક્ષણ એજન્સીઓ આ જહાજોને સુરક્ષિત માર્ગ આપવા માટે સતત સક્રિય ભૂમિકા ભજવી રહી છે. આ વૈશ્વિક તણાવ વચ્ચે પણ ભારતની ઊર્જા સુરક્ષા જળવાઈ રહી છે.

# રશિયા પર યુક્રેનનો મોટા ડ્રોન હુમલોમાં એક ભારતીય સહિત ૪નાં મોત થયા

નવી દિલ્હી,તા.૧૭

યુક્રેને શનિવારે રાત્રે રશિયાના વિવિધ વિસ્તારોને નિશાન બનાવીને ૧,૦૦૦થી વધુ ડ્રોન વડે ભયાનક હુમલો કર્યો છે. આ ગંભીર હુમલામાં મોસ્કો અને સરહદી વિસ્તાર બેલગોરોદમાં મળીને કુલ ૪ લોકોના મોત થયા છે, જેમાં રશિયામાં કામ કરતા ૧ ભારતીય નાગરિકનો પણ સમાવેશ થાય છે. રશિયાસ્થિત ભારતીય દૂતાવાસે આ બાબતની પુષ્ટિ કરતા જણાવ્યું છે કે અન્ય ૩ ભારતીયો પણ આ હુમલામાં ઈજાગ્રસ્ત થયા છે, જેમને હોસ્પિટલમાં



સારવાર આપવામાં આવી રહી છે.

'કિવ ઈન્ડિપેન્ડન્ટ'ના અહેવાલ મુજબ, યુક્રેને મોસ્કોમાં સૈન્ય અને ઈંધણ સંબંધિત મહત્વપૂર્ણ ઠેકાણાઓ પર હુમલા કર્યા છે. જેમાં રશિયન સેના માટે માઈક્રોચિપ્સ બનાવતા 'એંગસ્ટ્રેમ' સેમિકન્ડક્ટર પ્લાન્ટ તેમજ મોસ્કો ઓઈલ રિફાઈનરી, સોલનેચનોગોર્સ્ક અને વોલોડાર્સ્કોયે ઈંધણ સ્ટેશનને ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. આ હુમલામાં ઓઈલ રિફાઈનરીના મજૂરો સહિત કુલ ૧૨ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

# પશ્ચિમ બંગાળ: હાવડા સ્ટેશન બહાર અતિક્રમણ પર ચાલ્યું બુલડોઝર

કોલકાતા, તા.૧૭

પશ્ચિમ બંગાળના હાવડા સ્ટેશન પરિસરમાં રેલ્વે પોલીસ દ્વારા મોડી રાત્રે બુલડોઝર ફેરવીને રસ્તા અને ફૂટપાથ પર કરાયેલા ગેરકાયદે અતિક્રમણને દૂર કરવામાં આવ્યું છે. રેલ્વે પોલીસના જણાવ્યા મુજબ, મુસાફરોની સુવિધા અને ટ્રાફિક હળવો કરવા માટે અગાઉ નોટિસ આપ્યા બાદ આ કડક કાર્યવાહી કરવામાં આવી છે.

રાજ્યમાં તાજેતરમાં જ યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ૨૦૭ બેઠકો સાથે પ્રચંડ વિજય મેળવ્યો છે, જ્યારે ટીએમસી ૮૦ બેઠકો પર સમેટાઈ ગઈ છે. મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીના નેતૃત્વવાળી નવી સરકાર હેઠળ ગેરકાયદે બાંધકામો સામે કડક વલણ અપનાવાયું છે. મંત્રી દિલીપ ઘોષે પણ સ્પષ્ટ ચેતવણી આપી છે કે સરકારી જમીન પર કોઈપણ પ્રકારનું અતિક્રમણ સહન કરવામાં આવશે નહીં.

# સાવરકુંડલાની કબીર ટેકરી ખાતે ડૉ. જાગૃતિ રાવલ લિખિત બાળવાર્તા સંગ્રહ 'થેલો નાચે ઠુમ્મક ઠુમ્મક'નું વિમોચન

સાવરકુંડલા, તા.૧૭

કબીર ટેકરી અને ગદ્ય સાહિત્ય સભા, અમરેલીના સંયુક્ત આયોજન હેઠળ જાણીતા લેખિકા અને શિક્ષિકા ડૉ. જાગૃતિ રાવલના બાળવાર્તા પુસ્તક 'થેલો નાચે ઠુમ્મક ઠુમ્મક'નું ભવ્ય વિમોચન યોજાયું હતું. સંતો-મહંતો, વરિષ્ઠ સાહિત્યકારો અને પરિવારજનોની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં કેતન જોષી, કાલિંદીબેન પરીખ અને ઋતુ



સોઢાએ પુસ્તકનો સચોટ પરિચય અને વાર્તા આસ્વાદ કરાવ્યો હતો. ઉપસ્થિત સંતોએ આ બાળવાર્તા સંગ્રહને બાળકોના જીવનમાં મૂલ્ય ઘડતર કરનારું ગણાવી આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે વિવિધ સંસ્થાઓ અને સગા-સંબંધીઓ દ્વારા લેખિકાનું તેમજ ઉપસ્થિત અન્ય વરિષ્ઠ સાહિત્યકારોનું શાલ અને સ્મૃતિ ચિહ્ન આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ડૉ. જાગૃતિ રાવલે જામખંભાળિયાથી કબીર ટેકરી સુધીની પોતાની સાહિત્યિક યાત્રા બદલ સૌનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. અંતમાં, કાર્યક્રમના અધ્યક્ષ નારાયણ સાહેબના આશીર્વચન અને કેળવણીકાર ઉદયભાઈ દેસાઈના સુચારૂ સંચાલન સાથે આ સમગ્ર રસમય કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહભેર સંપન્ન થયો હતો.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી દ્વારા ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજાયો

અમરેલી તા.૧૭

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી દ્વારા ૧૫ મેના રોજ ધારી તાલુકાના ખેડૂત ઉત્પાદક સંગઠન ખાતે ખાસ ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં સંગઠનના ચેરમેન ભાવનાબેન ગોંડલીયાના સહયોગથી ખેડૂતોને આધુનિક કૃષિ પદ્ધતિઓ અપનાવવા તેમજ ખરીફ ઋતુ પૂર્વે બિયારણની ખરીદી કરતી વખતે રાખવી પડતી તકેદારીઓ વિશે વિગતવાર સમજણ આપવામાં આવી હતી.આ પ્રસંગે કેવીકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મિનાક્ષી કે. બારીયાએ જમીન અને પાણીના પૃથ્થકરણનું મહત્વ સમજાવ્યું હતું.

તેમણે ઉમેર્યું કે ખાતરનો સંતુલિત ઉપયોગ કરવાથી જમીનની ઉપજાઉ શક્તિ લાંબા સમય સુધી જળવાઈ રહે છે અને પાકના ઉત્પાદનમાં પણ નોંધપાત્ર વધારો થાય છે. સાથે જ વિષય નિષ્ણાત ડો. સ્વેતાબેન પટેલે પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો વિશે ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા હતા.

તેમણે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના જૈવિક ઉત્પાદનો જેવા કે જમીનજન્ય રોગોના નિયંત્રણ માટે લાભદાયક ફૂગ 'ગીર સાવજ ટ્રાયકોડર્મા' અને જૈવિક જીવાત નિયંત્રણ માટે ઉપયોગી 'બ્યુવેરીયા' જીવાણુજન્ય ફૂગના વપરાશ અંગે અમૂલ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

**ખાતરનો સંતુલિત ઉપયોગ કરવાથી જમીનની ઉપજાઉ શક્તિ લાંબા સમય સુધી જળવાઈ રહે**

# બગસરા નાગરિક.શ.સ.મંડળી દ્વારા બાજપાઈ સહાય નીધિનો ચેક અર્પણ

અમરેલી,તા.૧૭

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી. ની બગસરા શાખાના સભાસદ તુરાબઅલી તાહેરઅલી ઠાઠિયાનું આકસ્મિક અવસાન થતા તેમના વારસદારને મંડળી તરફથી બાજપાઈ સહાય નિધિની રકમ રૂ.૨૫૦૦૦ નો ચેક અર્પણ કરવામાં આવેલ આ વેળાએ મંડળીના જનરલ



એમ.ડી. નિતેશભાઈ ડોડીયા, શાખા એમ.ડી. મહેશભાઈ વ્યાસ, જનરલ સેક્રેટરી ડી. જી.મહેતા, જનરલ આસિ.સેક્રેટરી પ્રવિણસિંહ રાઠોડ સહિતની ઉપસ્થિતિમાં સહાય નિધિનો ચેક અર્પણ કરવામાં આવેલ હતો.

# સમ્રાટ ચૌધરી જ નીતિશ કુમારના રાજકીય ઉત્તરાધિકારી છે: લલ્લન સિંહનું નિવેદન

પટણા, તા.૧૭

જેડીયુના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી લલ્લન સિંહે લખીસરાયમાં એક કાર્યક્રમ દરમિયાન મોટું નિવેદન આપતા જણાવ્યું છે કે, બિહારના નવા મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી માત્ર ભાજપની પસંદગી નથી, પરંતુ તેઓ નીતિશ કુમારના સાચા ઉત્તરાધિકારી છે, જેમને નીતિશ કુમારે પોતે પસંદ કર્યા છે. હવે સમ્રાટ ચૌધરી નીતિશ કુમારના સુશાસન અને વારસાને આગળ વધારશે. લલ્લન સિંહે નીતિશ કુમારના શાસનની પ્રશંસા કરતા કહ્યું કે ૨૦૦૫માં બિહારનું બજેટ માત્ર રૂ.૨૫,૦૦૦ કરોડ હતું, જે આજે સુશાસનને કારણે વધીને રૂ.૩,૩૩,૦૦૦ કરોડ થયું છે. આ પ્રસંગે તેમણે લખીસરાયમાં રૂ.૩૦.૭૪ કરોડના વહીવટી ભવનનો શિલાન્યાસ અને શાળાનું ઉદ્ઘાટન પણ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, નીતિશ કુમારના રાજીનામા બાદ સમ્રાટ ચૌધરીએ બિહારના પ્રથમ ભાજપ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.

# કોડીનાર પોલીસે 'CEIR' પોર્ટલની મદદથી ખોવાયેલા ૨૪ મોબાઈલ શોધી માલિકોને પરત આપ્યા

**રૂપિયા ૪,૯૯,૪૨૫ ની કિંમતના મોબાઇલ ફોન મૂળ હાલતમાં પરત સોંપાયા**

કોડીનાર, તા.૧૭

ગીર સોમનાથ જિલ્લા પોલીસ દ્વારા જનતાના ખોવાયેલા મોબાઈલ શોધવાના વિશેષ અભિયાન હેઠળ કોડીનાર પોલીસ સ્ટેશને સરકારની "CEIR" પોર્ટલ એપ્લિકેશન અને ટેકનિકલ એનાલિસિસના સંયુક્ત ઉપયોગથી કુલ ૨૪ ગુમ થયેલા મોબાઈલ ફોન શોધી કાઢ્યા છે. આ તમામ મોબાઈલ ફોન તેના મૂળ માલિકોને સુરક્ષિત રીતે પરત સોંપવામાં આવ્યા હતા, જેની અંદાજિત કુલ કિંમત રૂપિયા ૪,૯૯,૪૨૫ જેટલી થવા જાય છે. પી.આઈ. એન.વી. હરિયાણીની ટીમે આ સફળ કામગીરી પાર પાડી છે. "પોલીસ પ્રજાનો મિત્ર" સૂત્ર સાર્થક કરતા પોલીસે લોકોને મોબાઈલ ખોવાઈ જવાના કિસ્સામાં આ પોર્ટલ પર ત્વરિત અરજી કરવા અપીલ કરી છે. આ કામગીરીમાં હેડ કોન્સ્ટેબલ વિજયભાઈ, ભીખુશા જુણેજા, મહિલા કોન્સ્ટેબલ મીનાક્ષીબેન અને આઈ.ટી. એક્સપર્ટ વિશાલભાઈ સહિતના સ્ટાફે મહત્વની ભૂમિકા ભજવી હતી.

# ગોંડલ તાલુકાના સડક પીપળીયા ગામે શ્રીમદ ભાગવત સપ્તાહનો પ્રારંભ

ગોંડલ, તા.૧૭

ગોંડલ તાલુકાના સડક પીપળીયા ગામે સમસ્ત ગ્રામજનોના સહયોગથી આગામી ૧૭ મે થી ૨૩ મે ૨૦૨૬ દરમિયાન ભવ્ય 'શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ'નું દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં પ્રખર વક્તા શાસ્ત્રી રાકેશભાઈ મહેતા પોતાની સંગીતમય શૈલીમાં શ્રોતાઓને કથામૃતનું



રસપાન કરાવશે. કથા દરમિયાન દરરોજ ૪૦ યુગલો પૂજા-અર્ચનામાં બેસશે અને વિવિધ કૃષ્ણ જન્મોત્સવ જેવા ધાર્મિક પ્રસંગો ધામધૂમથી ઉજવાશે. ૧૨ વીઘાના વિશાળ પ્રાંગણમાં આકર્ષક રજવાડી ગેટ, ભવ્ય લાઈટિંગ ડોમ અને એલ.ઈ.ડી. સ્ક્રીન સાથે જબરદસ્ત વ્યવસ્થા કરવામાં આવી છે. રાત્રિના સમયે જય દવે, મનસુખભાઈ વસોયા અને રાજ પટેલ જેવા ખ્યાતનામ કલાકારો દ્વારા રાસ-ગરબા અને ભવ્ય લોકસંતવાણી ડાયરાની રમઝટ બોલશે. સંતો-મહંતો અને રાજકીય-સામાજિક અગ્રણીઓની પ્રેરક ઉપસ્થિતિવાળા આ પાવન અવસરે પધારવા ગ્રામજનોએ ભાવભર્યું જાહેર આમંત્રણ પાઠવ્યું છે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર કોડીનાર દ્વારા ખાતરના સંતુલિત ઉપયોગ અંગે ખેડૂતો માટે તાલીમ કાર્યક્રમ યોજાયો


**ખાતરના કાર્યક્ષમ ઉપયોગ અંગે જાગૃતિ લાવવા માટે વિવિધ ગામોમાં તાલીમ કાર્યક્રમોનું આયોજન**

ગીર ગઢડા,તા.૧૭

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કોડીનાર દ્વારા સંતુલિત ખાતરના કાર્યક્ષમ ઉપયોગ અંગે જાગૃતિ લાવવા માટે વિવિધ ગામોમાં તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગીરગઢડાના



રસુલપરા, ઉનાના સોનારી અને કેશોદના મેસવાણ ગામ ખાતે યોજાયેલા આ કાર્યક્રમોમાં કુલ ૧૬૮ જેટલા ખેડૂત ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તાલીમ દરમિયાન વિષય નિષ્ણાંત મનીષભાઈ બલદાણિયાએ સંતુલિત ખાતર દ્વારા પાક ઉત્પાદન અને ગુણવત્તા વધારવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. પૂજાબેન નકુમે જમીન ચકાસણી દ્વારા ખેતી ખર્ચમાં ઘટાડો કરવાની રીતો સમજાવી હતી, જ્યારે રમેશભાઈ રાઠોડે સંકલિત પોષણ વ્યવસ્થાપન વિશે ઉપયોગી માહિતી આપી હતી. અંતે, નિષ્ણાંતોએ ખેડૂતોના પ્રશ્નોનું સંતોષકારક નિરાકરણ લાવી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.





# રાજ્યમાં ૨૪ કલાકમાં ૫૦૦ કિલો બિનહિસાબી ચાંદી ઝડપાઈ


અમદાવાદ, તા.૧૭



ગુજરાતમાં માત્ર ૨૪ કલાકની અંદર વિવિધ સ્થળોએથી અંદાજે ૫૦૦ કિલો શંકાસ્પદ ચાંદીનો જથ્થો ઝડપાતા સનસનાટી મચી ગઈ છે. સ્ટેટ જીએસટી વિભાગે અમદાવાદના ગીતામંદિર બસ સ્ટેશન પર લક્ઝરી બસમાંથી ૧૦૦ કિલો ચાંદી પકડી પાડી હતી. પ્રાથમિક તપાસ મુજબ, આ જથ્થાના ૮૦ ટકા માલનું કોઈ બિલ નથી અને હજુ સુધી કોઈએ તેના પર ક્લેઈમ પણ કર્યો નથી. બીજી તરફ, સેન્ટ્રલ આઈબીની બાતમીના આધારે ગુજરાત એટીએસ દ્વારા રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર મુંબઈથી આવેલી ફ્લાઈટના કાર્ગોમાંથી ૪૦૦ કિલો શંકાસ્પદ ચાંદી જપ્ત કરાઈ છે, જેની બજાર કિંમત અંદાજે રૂ. ૧૦ કરોડ છે. આ જથ્થો વારાણસીની 'સનરાઈઝ' પેઢી દ્વારા રાજકોટના સામાકાંઠા વિસ્તારના વેપારીઓને જોબવર્ક માટે મોકલાયો હતો. આ મામલે ત્રણ શંકાસ્પદ વ્યક્તિઓ અને કુરિયર સંચાલકની પૂછપરછ ચાલી રહી છે, તેમજ સીજીએસટી અને આવકવેરા વિભાગ પણ તપાસમાં જોડાયા છે.

# અમિત શાહના હસ્તે ગુજરાતના પ્રથમ IT પાર્ક 'મિલિયન માઈન્ડ્સ ટેક સિટી' અને મધુર ડેરી પ્લાન્ટનું ઉદ્ઘાટન

અમદાવાદ, તા.૧૭



કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે અમદાવાદના ત્રાગડ ખાતે ગુજરાતના પ્રથમ અને સૌથી મોટા IT પાર્ક "મિલિયન માઈન્ડ્સ ટેક સિટી"નું ઉદ્ઘાટન કર્યું છે. ગણેશ હાઉસિંગ દ્વારા વિકસિત આ પ્રોજેક્ટ $૧.૫ બિલિયનના ખર્ચે તૈયાર કરાયેલો ગુજરાતનો પ્રથમ IGBC પ્લેટિનમ રેટેડ SEZ IT પાર્ક છે. આ વૈશ્વિક સ્તરના આઈટી પાર્કથી રાજ્યમાં ૭૦,૦૦૦થી વધુ હાઈ-સ્કિલ્ડ નોકરીઓ સર્જાશે. અમદાવાદને ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (GCC) અને ટેક્નોલોજી કંપનીઓનું હબ બનાવવાના વિઝન સાથે IBM, TCS અને સેર્સ (Searce) જેવી વૈશ્વિક દિગ્ગજ કંપનીઓએ અત્યાર સુધીમાં ૮ લાખ સ્ક્વેર ફૂટ જેટલી જગ્યા લીઝ પર લીધી છે. આ ઉપરાંત, અમિત શાહે ગાંધીનગર ખાતે રૂ.૬૨૦ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. સાથે જ, જિલ્લાના દશેલા ખાતે રૂ.૧૨૮ કરોડના ખર્ચે નવનિર્મિત મધુર ડેરીના અત્યાધુનિક ફૂલ્લી ઓટોમેટિક મિલ્ક પ્રોસેસિંગ અને પેકેજિંગ પ્લાન્ટને પણ ખુલ્લો મૂક્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

## વાપી-શામળાજી હાઈવે પ્રોજેક્ટ સામે દક્ષિણ ગુજરાતમાં ખેડૂતોનો ઉગ્ર વિરોધ



સુરત, તા.૧૭

વાપીથી શામળાજી સુધીના મહત્વાકાંક્ષી હાઈવે પ્રોજેક્ટ (નેશનલ હાઈવે-૫૬ બાયપાસ) માટે થઈ રહેલા જમીન સંપાદન સામે સુરત જિલ્લાના માંડવી તાલુકામાં ખેડૂતોનો આક્રોશ ફાટી નીકળ્યો છે. માંડવીના સથવાવ ગામે 'જાન દેંગે, જમીન નહીં' ના નારા સાથે સ્થાનિકો અને ખેડૂતો રસ્તા પર ઉતરી આવ્યા હતા. ખેડૂતોનો આક્ષેપ છે કે આ પ્રોજેક્ટથી અનેક પરિવારો જમીન અને ઘર વિહોણા થઈ જશે. આંદોલનકારીઓ જ્યારે સાંસદ પ્રભુ વસાવાને રજૂઆત કરવા જઈ રહ્યા હતા, ત્યારે પોલીસે બેરિકેટ્સ મૂકી તેમને અટકાવતા ઘર્ષણ સર્જાયું હતું. ખેડૂતોના સમર્થનમાં આવેલા પૂર્વ ધારાસભ્ય આનંદ ચૌધરી અને આદિવાસી આગેવાન અખિલ ચૌધરી સહિત ૨૦ થી ૩૦ લોકોની પોલીસે અટકાયત કરી હતી. આ કાર્યવાહીના વિરોધમાં રોષે ભરાયેલા ટોળાએ હાઈવે પર ચક્કાજામ કરતા વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. વિકાસ અને વિસ્થાપનનો આ મુદ્દો હવે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં રાજકીય રંગ પકડી રહ્યો છે.